અયસ્કાન્ત

અનુવાદક:—

પ્રભુલાલ પ્રીતમલાલ પઢીયાર

અયસ્કાન્ત.

અનુવાદક:-

પ્રભુલાલ પ્રીતમલાલ પઢીયાર

ઓરવાડકર, મુ. કેસોદ (કાઠીઆવાડ.)

પ્રકાશક:-

સ્વર્ગસ્થ સાધ્વી અ. સૌ. ટીલીબાઇ

જેઠાભાઈના સ્મરણાર્થે શ્રીમતિ દેવકાંબાઈ

તથા શ્રીમતિ મોંઘીબાઇ.

મુ. કરાંચી (સિંધ).

પ્રત ૧૦૦૦. સંવત્ ૧૯૭૬. સને ૧૯૨૦.

કિંમત-અમૂલ્ય.

'વસંત' પ્રિન્ટીંગ પ્રેસમાં
ચીમનલાલ ઈશ્વરલાલે છાપ્યું.
પાનકોર નાકા, ચુડીઓળ—અમદાવાદ.

શ્રી કેશોદ સાધુ–અનાથ સેવા સદાવ્રત.

આ સંસ્થા આજ ઘણું વર્ષોથી ઉત્તમ કાર્ય કરે છે, તેથી સર્વ સજ્જનો અને સત્સંગીઓને આ સેવાના કાર્યમાં સહાયક થવા અને અન્ન, વસ્ત્ર, નાણાંની દરેક પ્રકારની મદદ આપવા વિનંતિ છે. બે વર્ષનો હિસાબ બહાર પડી ચુકેલ છે; જોઈએ તેમણે મંગાવવાથી મોકલાય છે. વિશેષ હકીકત વ્યવસ્થાપકને નીચેને સર-નામે લખવાથી મળશે.

પ્રમુખઃ—વ્યાસ મૂળશંકર મયારામ

વ્યવસ્થાપકઃ—શેઠ પુરૂષોત્તમ નાનજી

કેશોદ (કાઠીઆવાડ).

અર્પણ.

જેઓ સ્વાત્મરસ સુધાવડે મસ્ત બનવા
માગતા હોય અને જેઓ એ રસાસ્વાદ
ચાખવા ઉત્સુક બનેલા હોય તે-
ઓને આ લઘુ લેખ માર્ગદર્શક
થાઓ એ શુભેચ્છાપૂર્વક તેમને
જ તે સમર્પણ હો.

અનુવાદક.

નિવેદન.

"ધી મૅગનૅટ" ના અનુકરણરૂપ આ લઘુ પુસ્તક જનસેવામાં રજુ કરવાની ઉત્તમ તક જેમણે આપી છે; તેમનો આભાર માનવાની તથા "ધી મૅગનૅટ" ના મૂળ લેખક પ્રત્યે હૃદયંગમ ઉપકાર પ્રદર્શીત કરવાની તક લઉં છું.

કરાંચી નિવાસી સુજ્ઞ મોંઘીબ્હેને પોતાનાં બ્હેનનાં પુત્રી સાધ્વી અ૦ સૌ૦ ડીકીબાઇના સ્મરણાર્થે આ પુસ્તક પ્રકટ કરવા સહાયતા પૂર્વક સહાયતા કરી છે: તે ખાતે તેમને તથા તેમનાં માતુશ્રી દેવકાંબાઇને ધન્યવાદ છે.

સદ્ગત ડીકીબાઇનો જન્મ સંવત ૧૯૬૦ ના પોષ માસમાં થયેલ: અને સ્વર્ગારોહણ સંવત ૧૯૭૪ ના વૈશાક શુદિ ૬ ને દિવસે

થયેલ. આટલી ૧૫ વર્ષની નાની વયમાં પણ સદ્‌ગત બ્હેને સર્વોત્તમ ઈશ્વરી શ્રદ્ધા, પ્રેમનાં ઉદાહરણો આપી સંગીઓને સ્નેહાર્દ્રતામાં નિમગ્ન કરેલ. એ અમર આત્મા અખંડ શાંતિ પામો.

આ પુસ્તક સંબંધી મુદ્રાદિનાં શ્રમસાધ્ય કાર્યો ભાઈ જીવનલાલ કરસનજી ઠાકરે પોતાના વખતનો ભોગ આપી કરેલ છે, તે ખાતે તેમનો ઉપકાર છે.

બોટાદ–કાઠીઆવાડ.
વિક્રમાર્ક ૧૯૭૬
અક્ષય તૃતિયા.

અનુવાદક.

મૂળ લેખકની પ્રસ્તાવના.

એક રસાયણ શાસ્ત્રી કે જે શોધક પ્રયોગો કરતો હોવાનું પ્રસિદ્ધ થતાં તેને કોઇએ પુછ્યું કેઃ—“ તમે પદાર્થોનાં તત્વોનું સંશોધન કરો છો ? ” ત્યારે તે રસાયણ શાસ્ત્રીએ જવાબ આપ્યો કેઃ—“ ના ! હું તત્વનું નહિ પણ સ્વત્વનું સંશોધન કરૂં છું.”

એ જ રીતે “ અયસ્કાન્ત ” નો ઉદ્દેશ પણ વાંચકો અર્થ મિતાક્ષરી ન્યાયે, નિરંતર સ્મૃતિમાં રહે તેવાં, અને જેમાં સ્થાઇ શક્તિ હોય એવાં આત્મિય આકર્ષણનો બોધ પ્રાપ્ત કરવાનાં વિશુદ્ધ સ્વત્વો મેળવી આપવાનો છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

રાગ:—સહીયારી.

સુધારકો સાચા જોઈએ છે,
નહિ બીજાના પણ પોતાના;
વિશ્વતણા વિદ્યાલય કેરી,
ડીગ્રીવાળા ? ના, ના, ના, ના.
પણ મન ઉપર કાબુ જેણે,
પ્રાપ્ત કરેલો એવા સાચા;
દૈવી આનંદી ઉમરના,
પગાર સ્વાત્મિય પદ શું કાચા ?
અરજી કરજો, પણ ભીખારી
પેઠે આજીજી નહિ ચાલે;
પણ દ્રઢતાથી આજ્ઞા રૂપે,
કરનારા તે સુખે મહાલે.
દોરક ધારક વિશ્વોનો જે,
અરજી કરવી તેની તરફે;
જે અરજીમાં ઝળકે રૂહ,
રામ મણી બા ! હરદે હરદે.

(રામલહરિ-લ્હેર ૪ થી)

ॐ

અયસ્કાન્ત.

૧—અનાત્મતાનો અવરોધ.

હજારો લોકો ડરતાં ડરતાં ખાનગી રીતે આ પ્રશ્ન પુછે છે; અને હજારો લોકો આ પ્રશ્ન પુછવા આતુર રહે છે કે:—"મારામાં કાંઇ પણ આત્મિય બળ છે?"

આ પ્રશ્ન મૂર્ખતાવાળો કે અનાવશ્યક નથી. મને નક્કી ખાત્રી છે કે, પોતાનામાં કાંઈ પણ આત્મિયબળ છે કે નહિ તેની જરા પણ દરકાર ન કરે એવો ભાગ્યેજ કોઇ માણસ હશે; અને દુર્ભાગ્યે જો તેવો કોઈ પણ હોય તો એ તો નિશ્ચયજ છે કે—તેનામાં લેશ પણ ડહાપણ કે તત્વગતા છે જ નહિ. ઉન્નતિ—શૌર્યતા—વિજય, આરોગ્ય અને આનંદ

એ એવી બાબતો છે કે—જેને માટે સર્વને સમાન હક્ક છે; અને તે સર્વ "મને નહિ જ મળી શકે" એવી માન્યતાવડે કોઇએ છેતરાવું જોઇએ નહિ.

"આત્મબળ" એ માત્ર આ વસ્તુઓ માનવને સુલભ પ્રાપ્ત કરવાની એક મહાન ચાવી છે; એટલું જ નહિ પરંતુ તે "આત્મબળ" આ સર્વ વસ્તુઓનું સંરક્ષણ કરનાર અને સુયોગ્ય કાળે માનવને આબાદ સ્થિતિમાં પ્રાપ્ત થઇ શકે એવા હેતુથી તેને સાચવી રાખનાર પ્હેરેગીર છે.

એક વૈદિક શિક્ષકે પુછ્યું કે:—"સ્વર્ગીય સામ્રાજ્ય એ શું છે?" ત્યારે એક વિદ્યાર્થીએ જવાબ આપ્યો કે:—"આત્મિયબળ;" કારણ કે એ આત્મિય બળ સર્વને પોતાના તરફ સંકર્ષણ કરે છે."

આપણે જોઇ શકીશું કે, આ અવગાહીત

ભાસતા જવાબમાં સંપૂર્ણ વાસ્તવિક સત્ય હકીકત સમાયેલ છે. સકળ મહાન આકર્ષક બળ કે—જે દિવ્ય આત્મબળરૂપ છે તે સ્વર્ગીય સામ્રાજ્ય શિવાય અન્ય કશું પણ નથી, અને એ જ પ્રાપ્ત કરવાની ઉત્કટ જીજ્ઞાસા રાખવી જોઇએ, અને તે જ પ્રાપ્ત કરવા અર્થે ભગીરથ પુરૂષાર્થ કરવાની આવશ્યકતા છે.

એક સ્ત્રી એક વખતે નિશ્વાસ નાખતી કહેતી હતી કેઃ—" આત્મીયબળ પ્રાપ્ત કરવા હું અત્યંત ઉત્કંઠિત છું: " " પરંતુ મારામાં લેશ પણ આત્મિયબળ છે જ નહિ, આવી શકતું નથી, અને ખીલવી શકાતું નથી." હું " આત્મિય બળવાન " કહેવાવા અર્થે અત્યંત પ્રામાણિક તેમજ નિખાલસ અંતઃકરણની અર્થાત સત્ત્વ શુદ્ધિવંત છું; પરંતુ મારા કુટુંબ અર્થે રાંધવામાં, વાસણો સાફ કરવામાં, અને વસ્ત્રો શીવવા આદિ કાર્યોમાં હું એવી તો કંટાળી–થાકી જાઉં છું કે ચીડાઇ ગયા વિના રહી

શકતી જ નથી. મને લાગે છે કે—મારાં પોતાનાં જ બાળકો તેની માસી યમુનાંને મારા કરતાં વિશેષ ચાહે છે. જો કે માસી યમુનાં એ બાળકોની કુથલી સાંભળવા તથા તેમની સાથે વાતો કરી રાતે છુટાં પડતાં અંતિમ ચુંબન કરવા શિવાય કશું પણ વિશેષ બચ્ચાંઓ માટે કરતી નથી, અને બ્હેન ! એ જેટલું પણ એ બાળકો માટે કરે છે તેટલું પણ કરવા મને તો કામમાંથી પરવાર પણ મળી શકે એમ નથી. હું તો ઘણા કામના દબાણમાં છું.”

ઉપર્યુક્ત કથનમાં વાસ્તવિક રીતે જોતાં અજ્ઞાનતા, ઉંધી સમજણ અને યથાર્થ સમજણની ખામી એ ત્રિદોષ ખુલ્લો દેખાઇ આવે છે.

એ બ્હેને પોતાનામાં આત્મિયબળના અસ્તિત્વનો તદ્દન નકાર કર્યો તે પ્રાથમિક મિથ્યા હકીકત છે; કારણ કે એ તો સુદૃઢ સિદ્ધાંત છે જ કે; “ આત્મિયબળના કાંઇ ને

કોઈ અંશ વિના કોઇ પણ વ્યક્તિ છે જ નહિ. ”

પ્રથમ સુત્રઃ—

હવે એ તપાસો કે—દરેક વ્યક્તિમાં આત્મિયબળ છે જ એ શી રીતે જાણી શકાય? એ જાણવા અર્થે નિમ્ન લિખીત કારણો—નિયમો સમજી સંશોધન કરી ગ્રહણ કરવા જોઇએ.

૧—સર્વ સમજે છે કે દરેક વ્યક્તિ જીવંત અર્થાત જીવન સહ છે, અને—

૨—જીવન એજ આત્મશક્તિ છે, તેમજ—

૩—સંપૂર્ણ આત્મશક્તિ એ જ સર્વોત્કૃષ્ટ અને ઉન્નત જીવન શક્તિ છે તથા જીવનની અતિવ સુક્ષ્માકૃતિ પણ એ જ છે; અને—

૪—તેથી જ આત્મબળ વૃદ્ધિ અને ચૈતન્યતા અધિકતર થાય છે. અને—

૫—જેનાથી જીવન નાશ અને અચૈતન્યતાને પામે તેનાથી જ આત્મબળ પણ નાશરૂપતા અને અચૈતન્યતાને પ્રાપ્ત થાય જ.

આપણામાં જરા પણ આત્મિયબળ નથી એવી પોતાની જ ધારણા; તેમ જ આપણામાં જરા પણ આત્મિયબળ નથી એવી બીજાઓની ધારણાનું સ્વાભાવિક ઘણે ભાગે એ જ કારણ છે કે—આપણે સ્વાભાવિક રીતે જે આત્મબળ ધરાવીયે છીએ તેને એટલું તો બરબાદ કરી ઘટાડી નાંખીએ છીએ કે—જેથી તે સ્વાભાવિક આત્મબળ લગભગ નષ્ટ અગર તો તદન આકર્ષણ શક્તિ રહિત જ થઇ જાય છે. બીજી રીતે કહીયે તો અનાત્મિયતા અથવા અનાકર્ષકતાના પ્રદેશમાં પહોંચી જવાય છે. આવી રીતે આત્મબળ બરબાદ કરવાની જરા પણ અગત્ય નથી, અને એવી રીતે બરબાદ થતું આત્મબળ અટકાવી શકાય જ.

જેને અનાત્મિયતાના નિયમોમાંથી નીકળી આત્મિય સ્વરાજમાં દાખલ થવું હોય તેણે "દરેક ક્રિયા એ કાંઈ સત્ય જીવન નથી" એ સત્ય જ્યોતિ પોતાના આંતરઃ પ્રદેશમાં પ્રકટાવવી જોઈએ. ઘણાએક લોકોના સબંધે આપણે સાંભળીયે છીએ કેઃ—"તેઓ સંપૂર્ણ જીવંત મહાત્માઓ છેઃ" પરંતુ વાસ્તવિક રીતે તો સત્ય જીવન–સાધુતાનો સાચો અંશ તો ઘણો જ થોડો તેઓમાં હોય છે. નિરૂપયોગી શારીરિક ચપળતા એ કાંઈ જીવન નથી; પરંતુ જીવનને બરબાદ કરનાર અને ઘટાડનાર જ છે. એવી શારીરિક ચપળતા, કુદાકુદ જે ઘણે ભાગે એવા લોકોમાં હોય છે તેવી તો વિજ-ળીબળ પ્રાપ્ત થયેલ દેડકાના મરડાટમાં—કુદા-કુદમાં અને યાંત્રિક રમકડાં—પુતળાંઓના ભમ-ણાદિમાં પણ આત્મિય જીવન જેવો ભાસ આપતી પ્રતીતિ થાય છે. દેડકાના ચાળા

અને કુદાકુદ તથા પુતળાંઓનું ભ્રમણ જેમ ચાલક શક્તિનો ક્ષય કરે છે; તેમજ નિરંતર નિર્થક શારિરીક ચપળતા–કુદાકુદમાં મચેલા લોકોની ક્રિયાઓ આ આત્મિયબળનો ક્ષય કરે છે.

એક માણસે એક વખત કહ્યું હતું કેઃ– " મારી સ્ત્રીએ પોતાના ખીજાળપણાથી મારા ઘરમાંથી પ્રેમનું નામ પણ ઘસી ભુંસી નાંખ્યું છે." અલબત ઉપર્યુક્ત સ્ત્રીએ તેના પોતાના જ સબંધ પુરતી પોતાની ખામીવડે લગભગ અગર તદન તેના પતિએ કહેલ નુકશાન તો વાસ્તવિક રીતે કયુ જ હોવું જ જોઇએ.

આથી વળી એક નવીન સત્ય સુત્રનો સ્વાનુભવ થવાનો માર્ગ ખુલ્લો થાય છે અને તે એ કેઃ—

દ્વિતિય સૂત્રઃ—"અનાવસ્યક અને નિરૂપયોગી ચાંચલ્યવડે આત્મિયબળનો નિત્ય

વધારો તો નહિ જ; પરંતુ ઘટાડો થાય છે."

આ બાઇ જ્યાં સાદાં કપડાં અને સાદાં રાચરચીલાંવડે સર્વોત્તમ કાર્ય સાધી શકત, ત્યાં તેણે નરેહવાર કપડાં અને ચકચકિત રાચરચીલાંવડે ગૃહ શૃંગારવામાં પોતાની શક્તિ વ્યર્થ ખરચી નાંખી. અનાવશ્યક આત્મભોગ-ત્યાગ અને તે પણ જ્યારે ખાસ કરીને દૃઢતાપુર્વક આત્મભોગ કે ત્યાગ રૂપ ગણાતો હોય ત્યારે તે કદી પણ પ્રશંસાપાત્ર થતો જ નથી; તેમજ હસ્ત પદાદિ કર્મેદ્રિયોની લગભગ અસ્ખલિત જેવી ક્રિયાઓ માત્ર આત્મબળને શ્રવી જવાના -ચુઇ જવાના-ટપકી જવાના એક છિદ્રરૂપજ થાય છે. અત્યંત કાળજીવાળી અને ઉદ્યોગી સ્ત્રી પણ પોતાના જ મનના ભયવડે નિરંતર ભયભીત અને પોતાનાજ મનની ખીજાળતા-વડે ખીજવાઇ જતી મથુંરાબાઇ કોઇ પણ કામ યથા યોગ્ય કરી શકતી જ નથી, અને

તે પોતાની જ અત્યંત આતુરતા અને નિરર્થક ક્રિયાઓમાં ઘુંચવાઇ રહેવાની ટેવ વડે વિશ્વમાં અનાકર્ષક—આત્મિકબળ રહિત સ્ત્રી તરીકે પ્રખ્યાત થાય છે. ત્યારે બીજી બાજુ મણીબાઈ નિર્ભયતા, શાંતિ અને આનંદિતતા વડે સદાય આત્મબળ ભક્તિ સુબાર્યા તરીકે સન્માનને પ્રાપ્ત થાય છે.

કોઇ વ્યક્તિ માટે એમ પણ ઘણી વખત કહેવાય છે કેઃ—" અરે ! તેનામાં જરા પણ મોહકતા—શ્રેષ્ઠતા—આકર્ષણ બીલકુલ છે જ નહિ." તપાસી જોતાં તે જ માણસ કાંઇ શાંત—આળસુ થઇ પડયો તો રહેતો જ નથી. પોતાનો સકળ જાગ્રત વખત તે ઝુલતી આરામ ખુરશીમાં ઝુલ્યા જ કરે છે, પોતાની એડક પર જ મરડાયા કરે છે, આંગળીઓ વડે ખુરશીને તબલાંની પેઠે બજાવે છે, જમીનપર પગ અફાળ્યા કરે છે. હાથમાં પકડેલ

કોઇ પણ વસ્તુ સાથે રમ્યા કરે છે અથવા તો અન્ય પ્રત્યેની શંકિત ભાવના વડે બડબડાટ કર્યા કરે છે. બીજાઓની ભુલો ગોતી તપેલ મગજવડે ખિન્ન થઇ કળકળતો ફરિયાદ કર્યા કરે છે; નવિન સંશયોનો ઉદ્દભવ કરે છે અને ગણગણ્યા કરે છે. જો કે આટલાં બધાં કાર્યો તે એક સામટાં કરે છે; છતાં પણ એ સકળ ક્રિયાઓ વડે શાંતિ, સુમેળ અને સામ્યતાના સર્વ નિયમોનો ભંગ થાય છે, અને આવું વર્તન તે માત્ર અનાત્મિયતા—આકર્ષણ રહિતના સર્વ અધમ નિયમાનુસાર જ થાય છે એ પ્રત્યક્ષ છે.

હવે ઉપર્યુક્ત સ્ત્રીના ચારિત્રને હજુ પણ વધુ તપાસો તેણે તિક્ષ્ણ, નિર્દય અને અસભ્ય શબ્દ બાળને પ્રામાણિકતા અને અંતઃકરણની શુદ્ધતાના પરિણામરૂપ સમજવામાં ભુલ ખાધી છે. " વાણી અને ક્રિયાની પ્રામાણિક દયાળુ-

તાથી વિશેષ આકર્ષક કશું પણ નથી; તેમજ નિર્દયતા અને ખીજવાટ ભરેલ વાણી તથા ક્રિયાથી વિશેષ અનાકર્ષક પણ કશું નથી જ."

વાણીમાં સ્વમતાભિમાની, રીતભાતમાં ધુસણીયા, ઉદ્ધતાઈ અને અપમાનને ઝટ અંશજ પુર્વક અવકાશ આપનાર, દરેક પ્રકારની દલીલમાં "પાછો નહિ જ હઠું" એવા અભિમાનવાળો અને "અંતે મારો જ કક્કો ખરો થાય" એવા દુરાગ્રહવાળો જે ગડબડીયો—ઉછાંછળો માણસ હોય તેને ઝટ ઓળખી તેનાથી આપણે ડરતા, ચેતતા રહીએ છીએ. આવા પ્રકારની વ્યક્તિમાંથી સર્વ પ્રકારનાં આત્મગણનું સ્વાભાવિક આકર્ષણ પણ હરાઈ જાય છે. "મારો કક્કોજ અંતે તો ખરો" એવા દુરાગ્રહના અગ્નિકુંડમાં કોઈ એક ઉત્તમ મિત્ર કે લાભપ્રદ ક્રિયા ઘણીવાર હોમાઈ જાય છે.

કડકડતા વંટોળીયામાં કે વિજળીના

ચમત્કારામાં જેમ જરા પણ આકર્ષણ હોતું નથી; તેમજ સ્વભાવિક દલીલખોરા, કજીયાળા. અને અન્યપર આળ ચઢાવી મનગમતી રીતે મહાલનારા માનવમાં પણ લેશ પણ અસરકારક આત્મિયબળ કે આકર્ષણ હોતું જ નથી. ગડબડાટ, નકામી ધાંધલ, મુંઝવણ, સાહસીકતા, ઉછાંછળાપણું, કુસંપ, નિર્દય શબ્દપ્રહાર અને તપાયમાન થતો ખીજાળ સ્વભાવ એ સઘળાં આત્મિય આકર્ષણનાં સંહારક અને બરબાદ કરનાર છે.

પૃથ્વિ કે જે એક મહાન આકર્ષક—ચુંબકરૂપ છે, જેનું આપણને કાંઇક જ્ઞાન પણ છે જ તે પૃથ્વિ પોતાની ધરીપર અવકાશમાં પોતાનો ક્રમ નહિ ચૂકતાં જરાપણ ગડબડાટ, ધાંધાટ કે ઉતાવળ અગર તો ઉચ્છંખળતા વિના જ ફર્યાં કરે છે.

સર્વ કાળે નિરંતર નિરર્થક ક્રિયા અને

નિરૂપયોગી વાણી-વ્યાપાર તથા મનોવિકારના અભાવવડે જ ખરેખર અસરકારક આત્મિય આકર્ષણ ઉત્પન્ન કરી, જાળવી રાખવામાં મદદગાર થયેલ છે, થાય છે, અને થશેજ.

માટે હવે ૧-જીવનમાં અસાધ્યતાનો અભાવ કરી, ૨-નિરર્થક ક્રિયાઓ કરતાં અટકી, ૩-નિરૂપયોગી વર્તન મટાડી, ૪-નિર્દય, કલેશવાણી બંધ કરી અને અંતિમ આવશ્યકતા-રૂપ તો, ૫-"મારામાં જરા પણ આત્મિય આકર્ષણ નથી જ" એવા અધમ વિચારને હાંકી કાઢી પોતાના આત્માને અનાત્મભાવમાં ડુબી જતો બચાવો.

સારાંશ અને અભ્યાસક્રમ.

સારાંશઃ-દરેક વ્યક્તિમાં કોઇને કોઈ અંશે પણ આત્મિયબળ—આકર્ષણ છે જ. માનસિક અસ્વસ્થતા, નિત્યની નિરૂપયોગી નિરર્થક

ક્રિયાઓ, કંકેશ, બીજાણ શબ્દ પ્રહાર, અને આત્મિયબળ-આકર્ષણના અસ્તિત્વમાં અવિશ્વાસ હોવાથી આ આત્મિયબળ-આકર્ષણ શકિત અતિ ઘટી જાય છે અગર તો તેનો લગભગ સંહાર થઈ જાય છે.

અભ્યાસક્રમઃ—એકાંતે બની શકે તેટલા તદન શાંતિમાં સુદઢાસને બેસો, મટકું પણ ન મારો. જો કે વધારે વખત બેસાય તો અતિ ઉત્તમ છે; પરંતુ વીશ મીનિટ તો રોજ જરૂર એવી રીતે બેસોજ. અને ધીમે સ્વરે બોલો. અગરતો મનમાં જ વિચારમાળા ફેરવો કેઃ—"બરબાદ થતું તમામ આત્મબળ હું સુદઢપણે અટકાવવા ઇચ્છું છું. વાણી કે વિચારનું સઘળુ અસામ્ય નષ્ટ કરવા હું નિશ્ચયપુર્વક ઇચ્છું છું. અનાવશ્યક સર્વ ક્રિયાઓ અને મનોવિકાર સમૂળી સંહારવા માટે અચળ નિશ્ચય છે. મારામાં આત્મબળ નથી એ

માન્યતાનો વિનાશ કરૂં છું: અને હું સર્વ આત્મબળરૂપ જ છું એવું સુદૃઢ શ્રદ્ધાપુર્વક માનું છું"

આધ્યાત્મિક, આત્મિય આકર્ષણ કેમ ઉત્પન્ન કરવું.

આત્મિય આકર્ષણ ઉત્પન્ન કરવા અર્થે જ્ઞાનપુર્વક પ્રયત્નના આરંભનું કયું કેન્દ્ર છે? જવાબ એ કે:—"જ્યાં સકળ અન્ય વિચાર-ક્રિયા આદિના ઉદ્ભવની શરૂઆત થાય છે ત્યાંજ અર્થાત પોતાના જ અંતઃકરણરૂપ કેન્દ્રમાં."

હમેશાં શરૂઆતમાં તો માત્ર હેતુ કે ઇચ્છા જ હોય છે. જે આત્મિય આકર્ષણવાન થવા ચાહે, તેણે પ્રથમ તો એવો સુદૃઢ અડગ નિશ્ચય કરવો જોઇયે," હું આત્મિય-આકર્ષણવંત થઇશજ." પછી પોતાની એ સુદૃઢ ઇચ્છાને ગતિમાન કરવા કટિબદ્ધ થવું.

આકર્ષણ કરવા અર્થે અલબત આકર્ષક તો થવું જ જોઈએ. હવે કોઈ એમ સંભવિત પ્રશ્ન કરે કેઃ—" હું આકર્ષક કેમ થઈ શકું ? મારા ચ્હેરા કે શરિરનું સ્વાભાવિક સૌંદર્ય પણ મારામાં નથી; તેમજ સારા વસ્ત્રાલંકાર ધારણ કરવા પણ હું સશક્ત નથી."

જો આ વિષય પરત્વે માત્ર પાંચ મીનિટ પણ યથાર્થ વિચારશો તો આંતરઃ પ્રબળ ભાવનાવડે દૃઢ થશે કે વિશ્વમાં પ્રખ્યાત, પ્રત્યક્ષ જોયેલ, જાણેલ કે જેના વિષે કાંઇ પણ સાંભળેલ, વાંચેલ હોય એવા અનેક આત્મિય—આકર્ષણવાન મહાપુરૂષોમાંના ઘણા તો સૌંદર્ય રહિત, બેડોળ દેખાવ અને ચ્હેરાવાળા, તેમજ સારા વસ્ત્રાલંકાર જે લોકોનું ધ્યાન ખેંચનાર થઇ શકે તે વિનાનાજ હતા.

શાસ્ત્રો અને મહાત્માઓ વિશ્વ ગર્જીત ડિંડિમવડે ઘોષ કરતા કહે છે કેઃ—" મહા

આકર્ષણરૂપ પ્રભુ પણ જ્યારે પૃથ્વિપર પધારે છે, ત્યારે માનવને મનગમતું સૌંદર્ય પણ તેનામાં હોતું નથી. ઐહિક સુખ સાધનનો પણ નક્કી તેને અભાવ હોય છે. જંગલના ધુળ ભરેલ રસ્તાઓમાં ટાઢ, તડકા, વરસાદના ઝપાટા ખાતો ભટકે છે. ઘણી વેળા તો આકાશરૂપી છત્ર નીચેજ તેની પથારી થાય છે. ત્યાં સારા વસ્ત્રાભુષણની તો આશાજ ક્યાંથી રાખી શકાય ?”

વામનજી ઠીંગણા-ઠીંગુજી હોવા છતાં, અષ્ટાવક્ર બેડોળ શરીરવાળા હોવા છતાં અને શુકદેવજી દિગંબર હોવા છતાં પણ લોકો તેમને પોતાની સંપત્તિ, ગૃહાદિ અને પોતાનાં જીવન કરતાં પણ અધિક વ્હાલા હતા અને હજુ પણ વ્હાલા છે જ. વ્યાસ, વસિષ્ટ, ભગવાન બુદ્ધ, શંકર, રામાનુજ આદિ મહાન મહાત્માઓ સર્વોત્તમ આત્મિય આકર્ષણરૂપ જ હતા.

વ્યાસજી માત્ર જટા ધારણ કરનાર અને વસિષ્ઠાદિ મહાપુરૂષો જો કે જરા પણ શારિરીક મોહકતા વિનાના હતા; તેમજ તે સર્વેનાં વસ્ત્રો પણ ઘણે ભાગે વલ્કલાદિજ હતાં; છતાં આત્મિક આકર્ષણના અખૂટ, અનંત, સિંધુ સમાન હતા. આ હકીકત વાંચનારાઓમાંના મનમાં ઘણે ભાગે એ તો જરૂર નક્કી સમજાશે કે સર્વોત્કૃષ્ટ આત્મિય આકર્ષણ જેનામાં હોય છે, હતું અને હશે તે કાંઈ માત્ર શરિર સૌંદર્ય કે કિંમતી વસ્ત્રાભુષણપર અવલંબિત હતું જ નહિ; છેજ નહિ અને હશે પણ નહિ જ.

ત્યારે હવે જુઓ કે એ આકર્ષણ શું છે! ક્રાઈસ્ટે કહેલ છે કે:—"જો હું ઉન્નત થાઉં તો સકળ જન સમાજને મારા તરફ આકર્ષી શકું."

હવે જરા વધુ આગળ વિચાર કરો તો

તાત્કાળજ સમજાશે કેઃ—" પ્રાણી પદાર્થ પોતાના તરફ આકર્ષણવડે ખેંચનાર પોતે જરૂર કોઈપણ રીતે ઉન્નત થયેલા હોવા જ જોઇએ." વિચાર, લાગણી, દયા અને કોમળતામાં ક્રાઇસ્ટે ઉન્નતિ પ્રાપ્ત કરેલ હતી: અને એજ અત્યાવશક ઉન્નતિ છે, કે જે વિષે ક્રોસપર ચઢતાં પહેલાં તેણે સર્વને તે કહી સંભળાવ્યું હતું.

ભગવાન વામન ભિક્ષારૂપ કાર્યમાં પ્રવૃત્ત થયા છતાં પણ પોતાની મહત્વાકાંક્ષા અને ઉચ્ચ મનઃકલ્પનાવડે તેમજ પોતાના આશ્રિત દેવોનું ગમે તે પ્રકારે પણ નક્કી હિત સાધવુંજ એ સુનિશ્ચયવડે ઉન્નતરૂપજ હતા. વ્યાસ, વસિષ્ટ ભગવાન, બુદ્ધ, શંકર, રામાનુજ, આદિ મહાત્માઓ પણ તેમની પવિત્ર સુક્ષ્મ-દૃષ્ટિ અને જ્ઞાનવડે, તેમજ એ જ્ઞાનને વિજ્ઞાન રૂપ કરવાના મહદ્ પ્રયત્નોવડે તથા પોતાના

સ્વજન અને નજીકનાં સંગીઓ પ્રત્યેના તેમજ વિશ્વ માત્ર પરના પવિત્ર પ્રેમ તથા સેવા પરાયણતાવડે ઉન્નત થયેલા જ હતા. ઘણે ભાગે લોકોમાં પ્રચલિત કહેતી સુવિખ્યાત છે કે:-"સતી સાધુ વિના કોઈ નાનામાં નાનું ગામ પણ નથી." એ કહેતીને જરાક વિસ્તૃત સ્વરૂપ આપીએ તો "સતી સાધુ વિના કોઈ પણ ફળીયું કે કુટુંબ ખાલી નહિજ હોય." કોઈ પણ મિત્રના અવસાન સમયે કે કોઈ પણ બાળકના જન્મ સમયે સ્વેચ્છાથી હાજર થઈ યથાયોગ્ય સેવા પરાયણતા દાખવે એવી કોઈ પણ બ્હેન પાડોશમાં અવશ્ય હોયજ. દરેક કુટુંબમાં, અને સન્મિત્રોના સમુદાયમાં એવી એક વ્યક્તિ અવશ્ય હોય છે જ કે—જેની પાસે દરેક માણસ પોતાના ગમે તેવા શોક કે આનંદના સમયમાં જઈ તે વ્યક્તિ પાસેથી ખાત્રીપુર્વક જ્ઞાન–સમજણ

અને દયાની લાગણી મેળવી શકે.

હવે એક હકીકત પણ જણાવવી જોઈએ જ કે માત્ર પોતાના જ લાભાર્થે અન્ય સબંધી વિચાર કરનાર માણસ કે જે અત્યંત સ્વાર્થી હોય છે, તે પણ લોકોને પોતાની તરફ આકર્ષી શકે છે. જો કે આ હકીકત સત્ય છે છતાં પણ એવો માણસ પોતે જે પ્રેમ આકર્ષણ વડે મેળવે છે તે જાળવી શકતો નથી. અને માત્ર પ્રપંચ-શીલતા, અગર તો ખરા માનવપણાને તદ્દન નાલાયક તથા સંહારક એવી યુક્તિઓ અથવા પ્રયત્નોવડે ફક્ત દૈહિક જીવનોપયોગી ઐહિક વસ્તુઓ મેળવી-જાળવી રાખે છે. જે સ્હેલાઈથી અને વારંવાર મિત્રો મેળવે અને તેટલી જ સહેલાઈથી અને વારંવાર તેમની મિત્રતા ગુમાવે એવા લોકોમાં જરા પણ આત્મિય આકર્ષણ હોયજ નહિ; એ તો માત્ર મોહકતાજ છે. અને ખરા

ગુલાબની આગળ જેવું કાગળનું બનાવટી ગુલાબ છે તેમજ આત્મિય આકર્ષણની આગળ મોહકતા છે. આકૃતિ રંગ અને દંભી સ્વરૂપ જો કે થોડો વખત અન્યની દૃષ્ટિને આકર્ષણ કરી હેતુ જાળવી શકે છે; પરંતુ આત્મારૂપ આત્મિય આકર્ષણના અભાવે અર્થાત સુગંધીના અભાવે મહાન ભભકાદાર બનાવટી ફુલ પણ નાનામાં નાના જાઇના ફુલ આગળ કે અત્યંત કોમળ નાનકડાં કમળ આગળ નિર્માલ્ય બની જાય છે.

"ઉઘરહિં અંત ન હોઇ નિવાહુ;
કાલનેમી જીમી રાવણ રાહુ."

ઉપર મુક્ત વિચારણાવડે પ્રસ્તુત વિષયક સત્ય મૂળ તત્ત્વ તરફ દૃષ્ટિપાત થતાં સમજાય છે કે:–"આત્મિય આકર્ષણ એ એક સૌંદર્યમય, ચૈતન્યમય, ઉજ્જવળ જીવંત શક્તિ છે; કે જે આત્મસ્વરૂપ વિશુદ્ધ કેન્દ્રમાંથી પ્રાદુર્ભુત થઇ

સકળ બાહ્ય પ્રદેશમાં વિસ્તરે છે."

આ જીવંત આકર્ષક શક્તિ ક્ષુદ્રક—હલકટ નીચ વિચાર અને મતો તથા મંદ અને સંકુચિત સીમાબદ્ધ દયાના મિથ્યા ઉહાપોહવડે લેશ પણ પ્રાપ્ત થઇ શકતી જ નથી. ઉપર્યુક્ત દૂષણોથી, આત્મિય આકર્ષણના જીજ્ઞાસુએ તો અત્યંત ઉભગ્ન, પર થવું જ જોઇએ. દંભ, આત્મિય આકર્ષણ શક્તિનો સંહાર જ કરે છે. છળ, કપટ, અંતે તો જરૂર ઉઘાડાં જ પડી જાય છે; અને સર્વ લોકો, જેમાંના ઘણા તો જો કે કપટી પણ હોય છતાં બધાય એવા કપટી રીતભાતવાળા જનપ્રતિ વિરૂદ્ધથી હલ્લો કરે છે. ખોટા રૂપિયો ખરેખર ખોટા અવાજવાળો છે. જે ફક્ત થોડા જ લોકો મૂર્ખતાથી માત્ર થોડો વખત લઇ લેશે; પરંતુ અંતે તો પાછો જ ફેંકવાના. ઘણી વખત એવા કોઇ દંભી માટે આપણે એમ પણ ખુલ્લું જ બો-

લાતું સાંભળીએ છીએ કે:–" અહો ! હા ! એમનું ભાષણ બહુ જ મધુર છે; છતાં પણ અમે તેને જરા પણ ચ્હાતા નથી જ." અને કોઇ વ્યકિત સબંધે એમ પણ બોલાતું સંભળાય છે કે:–" હા ! જો કે એમની રીતભાત કઢંગી છે, શબ્દ પ્રહાર કઠોર–સખ્ત છે; છતાં પણ અમે તેને માન આપીએ છીએ, અને ચાહીયે છીએ."

આમ થવાનું કારણ શું ? હા ! એનો વિજ્ઞાનશાસ્ત્રના સુદૃઢ સિદ્ધાંતવડે સ્પષ્ટ જવાબ આપી શકાય એમ છે. અમુક ચોકસ પ્રકારની આધુનિક શોધોથી એમ નક્કી સાબીત થયું છે કે,–દરેક જીવંત પ્રાણીમાંથી એક પ્રકારની ચોક્કસ તાત્વિક પ્રભા નિરંતર વહન થયા જ કરે છે. અત્યંત સુક્ષ્મ માનસિક લાગણીવાળા જનોને આ વહન થતી પ્રભાની ઝટ અસર થાય છે, અને કેટલાએક મોભામ માનસ

લાગણીવાળાને થતી પણ નથી. અગ્નિની ઉષ્ણુતા તે જેમ અગ્નિની એક શક્તિરૂપ જ છે; તેમજ આ વહન થતી પ્રભા પણ આત્માની એક શક્તિ રૂપ જ છે. જેવા પ્રકારના સ્વભાવ અને લાગણીઓવાળો માણસ હોય તેવાજ પ્રકારની પ્રભા તેનામાંથી પ્રસરતી લાગતી નિશ્ચય સમજાય છે. ગંધાતા, સડેલ, ગંદાં, ગારાવાળાં, ખાબોચીયામાંથી કદી વાદને ખાતર સ્વીકારીએ તો કદાચ નિર્મળ સ્વચ્છ જળ મેળવી શકાય; પરંતુ અપવિત્ર વિચાર, સ્વાર્થ પરાયણુતા, નીચ હેતુત્વ, અને અધમતાવાળા—અંતઃકરણુમાંથી આત્મિય આકર્ષણુ પ્રભાનું વહન પ્રાપ્ત થાય એ તો આકાશ કુસુમવત્ તદ્દન અસંભવિત જ છે. કોઈ માણુસ તરફ સ્વાભાવિક રીતે ખેંચાઇ જવાય કે દૂર થઈ જવાય; તેનું કારણુ એ જ કે—તે માણુસમાંથી આકર્ષક અગર તો પાછા હઠાવી

દેનાર પ્રભાનું વહન થાય છે, તેને જ લીધે એમ બને છે.

"અહો ! હું એવા સત્ પુરૂષને શોધું છું કે—જેના પર મારૂં મન અને તન અર્થાત સર્વસ્વ અવલંબિત કરી શકું." ભાઈ ! એવા સંત તો ખરેખર આત્મિય આકર્ષણ શક્તિવંત જે હોય તે જ છે. જેનાપર સર્વભાવ વડે દ્રષ્ટી પડતાં પણ ઉન્નતિ, નિર્મળતા, પવિત્રતા, મહત્તા ઉદારતા અને સત્ય પ્રિયતાનો સ્વાભાવિક અનુભવ થાય.

વિશુદ્ધ મહત્તા, જે માત્ર આર્યરૂષિયોમાંજ પરમ—શ્રેષ્ઠ સ્વરૂપે હતી તે વડે જ અનંત આત્મિય આકર્ષણ શક્તિ પ્રાપ્ત કરી નિભાવી શકાય છે.

તત્ત્વજ્ઞો કહે છે કે:—"માનવના આંતરીક ભાવ કદી પણ છૂપાવી શકાતા જ નથી." માનસ સ્વભાવ ખરેખર દાબી—છૂપાવી શકા-

તો જ નથી. રીતભાત, ક્રિયા, ચાલચલગત, અને વહન થતી પ્રભાવડે જેવો હોય તેવો ખરેખરો માનસ સ્વભાવ અંતે જરૂર પ્રકટ જણાઈ આવે છે જ.

સારાંશ અને અભ્યાસ ક્રમ.

સારાંશઃ—આત્મિય આકર્ષણ આત્મકે-ન્દ્રમાંથી જ ઉદ્દભવે છે. આત્મિય આકર્ષણવંત થવા અર્થે સુઘટિત શરીર કે સુંદર વસ્ત્રાલંકારની જરા પણ અગત્ય નથી. આત્મિય આકર્ષણ શક્તિના પરમ જીજ્ઞાસુએ—સઘળા સ્વાર્થ પરાયણતા, અપવિત્રતા, માનસિક ક્ષુલ-કતા, છળ, કપટ ને મંદતાનો સંહાર કરી ઉન્નત પથે પળવું જ જોઈએ.

ખરા ગુલાબ પુષ્પ પાસે જેવું કાગળનું બનાવટી ગુલાબ છે તેના જેવું જ બલ્કે તેથી પણ અધમ—આત્મિય આકર્ષણ શક્તિ સામે

મોહકતા છે. જેવો હોય તેવો—ભલો કે બુરો પણ ખરો માનવ સ્વભાવ કદી પણ અંત સુધી છૂપાવી શકાય જ નહિ.

અભ્યાસક્રમ:—એકાંતે બેસી નિશ્ચય પુર્વક ધારણા કરો કે:—“ આત્મિય આકર્ષણ શક્તિ મારામાં ઉત્પન્ન કરવા મારી દૃઢ ઇચ્છા છે. હું અંતઃકરણનો દયાળુ અને પવિત્ર વિસ્તૃત કરૂણાવંત, અને નિષ્કપટ મનનો નક્કી થઇશ જ. વિશુદ્ધ આત્મિય આકર્ષણ શક્તિ પ્રાપ્ત કરવામાં વિઘ્નરૂપ અનેક વિરોધી વૃત્તિઓ અને ક્રિયાઓનો સંપૂર્ણ સંહાર કરી ઉન્નત પથે પ્રગતિ કરતાં છેવટ જરૂર એ પવિત્ર શક્તિ હું પ્રાપ્ત કરવા કૃત નિશ્ચય છું જ.”

૨—બાહ્ય આત્મિક આકર્ષણ કેમ સ્થાપિત કરવું ?

આપણા આત્મિય આકર્ષણનો અનુભવ કેમ લઇ દઇ શકાય ? કે જેથી તે આપણને તથા અન્ય સકળને એક ઉત્તમ આશીર્વાદ રૂપ થઇ શકે. આપણા અંતઃકરણમાં જે સત્ય ભાવના ભરેલી હોય તેજ કહેવી—વ્યકત કરવી; તથા અન્ય અંતઃકરણની ભાવના જાણી—તેમની જરૂરીઆત સમજી તે પુરી પાડવા પ્રયત્નવાન્ થવાથીજ ઉપર્યુક્ત અનુભવ લઇ દઇ શકાય છે. અંતઃકરણમાં સુદૃઢ, દયાદ્ર, પ્રેમાળ, ઉન્નત વિચાર અને સંકલ્પો અંકુરીત કરી તે નિશ્ચયાત્મક અનુકંપા પૂર્ણ, પ્રેમાળ ઉન્નત પરોપકારક ક્રિયામાં પુષ્પિત થવા દેવા જોઇએ જ. આનો હેતુ એવો જરા પણ નથી કે

—નમ્રતાનો—દયાનો દુરૂપયોગ થવા દેવો—કે ખિતશાઇ જવું કે મૂર્ખ બની જવું; અગર તો અન્ય દોષોને ઉત્તેજીત કરવા એવો પણ હેતુ નથી; પરંતુ અન્યની અયોગ્ય માગણીનો નકાર ભણવાનો માધુર્ય ભરિત રસ્તો છે. અન્યની ભુલો અને નબળાઇ જોઇ સુધારવા અર્થે નમ્ર ઠપકો દેવાનો સુનિશ્ચિત પ્રેમાળ પથ છે જ. ક્રોધિત દલીલો, સખ્ત ઠપકો, ભયંકર બુંબ-આરાડ અને બ્હીકવડે અન્યની ભુલો સુધારવાનો જે સામાન્ય જન સમુદાયનો અનાદિ માર્ગ છે તેપર ઉપર્યુક્ત પથ પકડનાર જરૂર વિજય મેળવે છે જ. એવી રીતે વર્તન કરનાર અન્યની ભુલો સુધારવાનો પોતાનો હેતુ પૂર્ણ પાર પાડી આત્મિય આકર્ષણ વધારી શકે છે; પરંતુ સખ્તાઇ ભરેલા ઉપાયોવડે તો ઘણે ભાગે લગભગ ભલો હેતુ ઉંધો જ વળી જાય છે, ઠપકો દેનાર અને સાંભળનાર વચ્ચેની

સ્નેહ સાંકળ છિન્નભિન્ન થઇ જાય છે, અને આત્મિય આકર્ષણનો સંહાર થઇ જાય છે. ક્રોધી પ્રભાના વહનવડે ક્ષુદ્રકતા, અફળાટ અને ભયંકર નાશરૂપ પરિણામ નિપજે છે. પોતાનાં બચ્ચાં, મિત્રો, સ્વજન કે અન્ય કોઇ પ્રત્યે ક્રોધીત પ્રભા પ્રવાહ છોડતી વેળા આ ઉપદેશ જરૂર ધ્યાનમાં રાખો. અન્ય પ્રત્યે પ્રેમ ગુમાવવાનું, અન્યને લાભદાયક થતા અટકી પડવાનું, અને અન્ય તરફથી મળતા લાભ નષ્ટ થવાનું તેમ જ વિશુદ્ધ આત્મિય આકર્ષણનાં મિષ્ટ ફળનો આસ્વાદ મેળવવા ભાગ્યવંત ન થવાનું ખરેખર કારણ માત્ર ખીજાવાની, ચીડાઇ જવાની, અને ક્રોધીત થવાની ટેવ, અને અનાવશ્યક ક્રિયાઓમાં ખરૂં આકર્ષણ ખોઇ નાખવાનો સ્વભાવ જ છે. એક મહાત્માએ કહેલ છે કે:—" જો કસ પીતળનો આપીએ તો કનક જોઇએ એવી માન્યતાથી

શું લાભ છે ? કાંઈ જ નહિ."

નિમ્ન લિખીત સત્ય સિદ્ધાંત સુવર્ણ અક્ષરે હૃદયપટપર કદી પણ ભુંસાય નહિ તેવા કોતરી રાખવા યોગ્ય છે.

" અન્ય પ્રત્યે જેટલો વિશેષ પ્રેમ પ્રકટ કરશો તેટલા જ પ્રમાણમાં વિશેષ આત્મિય આકર્ષણ મેળવી શકશો." હવે જુઓ કે એમ શાથી થાય છે ? કારણ એ જ કે,-હૃદયના લાગણી ભરેલા વર્તનથી તે જ પ્રકારની લાગણી વિશેષ પ્રમાણમાં ઉત્પન્ન થઈ શકે છે; અને હૃદયના પ્રકાશમય પ્રભાનો પ્રવાહ જેમ વધુ અને વધુ વહન કરાવશો તેમ તેમ બીજાઓ પ્રત્યેના પ્રેમ અને હિત સાધક, પવિત્ર નિઃસ્વાર્થ ક્રિયાવડે તેમના તરફથી અધિક પ્રમાણમાં પ્રેમ અને હિત ભરીત આકર્ષણ યુક્ત પ્રકાશમય પ્રભા તમે પોતે પ્રાપ્ત કરી શકશો જ. જેને જેને તમે સહાયક થશો તે દરેક તમને સંપૂર્ણ આકર્ષણ સ્વરૂપ બનાવવામાં નક્કી સહાયક થશે જ.

જાણે ભોળાપણું ન હોવું એ કોઈ મહાન મગરૂર થવા યોગ્ય સદ્‌ગુણ હશે એમ ગાની ઘણા લોકો ઘણીવાર એવું બોલતા સંભળાય છે—અરે! અડાઈ હાંકતા જણાય છે કેઃ— “ અહો ! નહિ જ ! અમે કાંઇ એવા ભોળા નથી એમ નથી.”

પરંતુ આવી વાતો કરનારને જો તેના મિત્રો, સંતાન કે સ્ત્રી તરફથી જો યોગ્ય વખતે ખોરાક, કપડાં કે કોઇ પણ જોઈતી વસ્તુ ન મળે તો તે તુરત જ ક્રોધાયમાન થઇ જાય છે. ખરેખર વાસ્તવિક હકીકત તો એજ છે કે; એવા ઘણા લોકોમાં તો સત્ય પ્રેમનો સદ્‌ભાવ જ હોતો નથી, અને કોઇ ક્ષુલ્લક વસ્તુ ક્ષણભર પ્રાપ્ત ન થઇ તો જેના તરફથી તે વસ્તુ ન મળી તે વ્યક્તિ પ્રત્યેનો પ્રેમ તાત્કાળી ગુમાવે છે. એવા લોકોમાં પોતાનો વ્યક્તિગત પ્રેમ નિભાવવા જેટલું પણ આ-

ત્મિય આકર્ષણ હોતું જ નથી.

એક વખત એક શ્રીમંત વિધવા સ્ત્રીનો પુત્ર જેની સાથે તે પરણવા ઇચ્છતો હતો એવી એક કુમારિકાને પોતાની સંગે લઇ કોઇ દૂર ગામ જવા અગ્નિરથમાં બેસી રવાના થયો. અગ્નિરથને રસ્તામાં ભયંકર અકસ્માત થયો; અને તેથી તે યુવકને સખ્ત ઇજા થતાં તેને પાછો પોતાના ગૃહપ્રતિ પહોંચાડવામાં આવ્યો. તેની માંદગી બાદ તે સાજો થતો આવતો હતો; તેવી હાલતમાં એક દિવસ તેની માતા કે જે તેને સુતેલો ધારતી હતી તેણે આ યુવકપર નીચી નમી ચુમ્બન કર્યું; અને પોતાના દુઃખમાં તે દબાઇ ગયેલ હતી તેથી પોકાર કરી બોલવા લાગી કેઃ—" અરે ! તે હલકટ છોકરી અર્થે તું મારો ત્યાગ કેમ કરી શકયો ? " તે યુવક કે—જે મીચેલી આંખે જાગ્રત અવસ્થામાં પડયો હતો તેણે પુછ્યું કેઃ—"વારૂ ! માતા ! ત્યારે તમે

મને ખરેખર ચાહો છો જ કે? તમે મને અગાઉ કદી ચુમ્બન કરેલ હોય તેમ મને યાદ આવતું નથી. તે કુમારિકા જો કે સારી કેળવાયેલ અને તમારા જેટલી સારા સંસ્કાર પામેલી સુશિક્ષીત નથી, તો પણ મને તે પ્રેમથી ચ્હાતી તો ખરી જ અને તે મને ચાહે છે એવી સતત લાગણી તેણી મારામાં જાગ્રત રાખવા મથતી."

ઉપર્યુક્ત બનાવમાં તે માતાએ પોતાનાં સ્વાભાવિક આકર્ષણનો એટલો તો સંહાર કર્યો હતો કે જેથી પોતાના પુત્ર પ્રત્યેના પ્રેમ ભાવનો પણ સંહાર થયો; અને તે બીન કેળવાયેલ, આકર્ષણ રહિત કુમારિકાએ પોતાના ગમે તેવા તુચ્છ આકર્ષણને પણ પોતાના આશક તરફથી પ્રાપ્ત થતી પ્રેમ પ્રભાને વધુ અને વધુ ગ્રહણ કરવાથી તથા તેનો સદુપયોગ કરવાથી, એટલું તો વધારી મજબુત—દૃઢ બનાવ્યું

કે—જે વડે તેણી તે યુવકને તેની માતા તથા ગૃહથી પણ વિખુટો પાડી પોતાના સંગમાં ખેંચી લાવવા શક્તિવાન થઇ.

સહસ્ત્રાવધિ ગૃહિણીઓ અને બાળકો, પોતાના જ ગૃહમાં તે જ ગૃહપ્રતિ આકર્ષણના અભાવે લાચાર બની બહિર વિશ્વમાં પ્રેમ શોધવા પ્રયત્નવાન થાય છે. ઘણા એક માણસો—મર્દો તદ્દન આત્મિય આકર્ષણ રહિત હોય છે, અગર તો પોતે એવા આકર્ષણથી રહિત છે, એમ તેઓ ધારે છે; તેમ જ એવું આકર્ષણ પ્રાપ્ત કરવા તેમને કામમાંથી અવકાશ નથી એમ સમજે છે; અને પાશ્ચાત્ય દેશોમાં તો, સન્નારીની જે વફાદારી અને પ્રેમ વડે નાણું અતિવ અમુલ્ય બક્ષીસ રૂપ થઇ જાય છે; તે પ્રેમ અને વફાદારીનો નાણું રળવા ખાતર ભોગ અપાઇ જવાથી ન્યાયની અદાલતો છુટા છેડા કરવાની ફરિયાદોના મુકદ્દમા

વડે ઉભરાઇ જાય છે. એવા જ દેશનો વસનાર એક અનુભવી કહે છે કેઃ—" એક એવો માણસ મેં જોયેલ છે કે—જે વ્યવહારીક ધાંધલ માંથી જરા પણ નવરો થતો નથી, અને ઘરમાંથી બહાર ગાંડાંની પેઠે ભાગતાં ભાગતાં કોટને બટન દેતાં દેતાં તેની સ્ત્રીને કહેતો જાય છે કેઃ—" પ્રિય ! બસ ! હાલ તો મને ફુરસદ નથી, ઘણુંજ કામ છે. તને મેં ચુમ્બન કર્યું એમ તું હાલ તો માનીજ લેજે." અરે ! અરે ! શી અધમતા ! !

આત્મિય આકર્ષણ સ્વરૂપ પ્રેમના ત્રણ મુખ્ય કારભારીઓ છે. જેનાં નામઃ—આંખ, સ્વર—શબ્દોચ્ચાર અને હસ્ત. જ્યારે એ ત્રણેનો સુયોગ્ય—યથાર્થ સદુપયોગ થાય ત્યારે તે ઉપયોગ કરનાર મહાન આત્મિય આકર્ષણ એકત્રિત કરી શકે છે. પોતાના પુત્રને પ્રેમથી હાથવડે પંપાળતી પ્રેમમય દૃષ્ટિવડે પુત્ર મુખ

દર્શન કરતી અને પ્રેમઘેલાં લાડનાં વચનો વડે પ્રેમ પ્રદર્શિત કરતી એક સુમાતા પોતાના એવા સદ્વર્તનથી એટલી તો સ્વાભાવિક રીતે જ આત્મિય આકર્ષણ સ્વરૂપ બની જાય છે કે–જે આકર્ષણના પ્રભાવવડે આકર્ષાઇ તેનો પુત્ર અંતે ખરેખરો પ્રેમી અને આત્મિય આકર્ષણ-વંત બને જ છે.

જો કોઇ મન ભંગ થઇ નિરાશ થઇ જાય છે અને અન્યનાં મન ભંગ કરી નિરાશાયુક્ત બનાવે છે તો તેવા અધમ કૃત્યથી, ભલે જો પોકળ હેતાળ ભાવ પ્રશિત કરવામાં આવે; તો પણ હૃદયભંગ, ક્લેશ, અને વિનાશ રૂપ ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે જ.

આત્મિય આકર્ષણ ઉત્પન્ન કરી, સ્થાપિત કરવાનું હજુ એક વિશેષ સબળ સાધન છે. અને તે એ જ કે–માતા, પિતા, પત્નિ, પુત્ર, પુત્રી અને ભગિની, પતિ આદિમાં સંપુર્ણ

વિશ્વાસરૂપ અભંગ સાંકળની યોજના કરવી. જેનાપર પુર્ણ વિશ્વાસ હોય તેના તરફ તો નક્કી આકર્ષણ અને પ્રેમ હોય છે જ. સ્વમતા ભિમાનતા અને અવિશ્વાસ એ બન્ને આત્મિય આકર્ષણના કટ્ટા સંહારક શત્રુઓ છે. કોઈ પણ પ્રકારની આજ્ઞા કરતાં પહેલાં તેનું કારણ કહેવું જ જોઈએ અને જો તે કારણ ન કહેવામાં આવે અને એ કહેવા જેટલો વિશ્વાસ પણ, જેને આજ્ઞા કરવામાં આવે છે તેના પર ન મુકાય તો આજ્ઞા કરનાર અને ઉઠાવનાર બન્નેને મહાત હાની થાય છે.

માતા જ્યારે પુત્રને કાંઈ પણ કામ કરવાનું કહે છે ત્યારે પુત્ર સ્વાભાવિક રીતે જ પુછે છે કે:—"માતા એ કામ કરવાનું શું કારણ છે?" માતા કહે છે કે—"બસ! કારણ એ જ કે—એમ કરવા હું કહું છું." આવો માતાનો જવાબ મળતાં પુત્રનું સ્વાભાવિક સ્વમાન

જન્મી થાય છે, તથા પ્રામાણિક ભાવના ઉપર બળાત્કારે જુલમ થતો અનુભવાય છે. ઉપર્યુક્ત માતાએ આપેલ જવાબ તદ્દન પાછો હડાવી દેનાર અને સ્તબ્ધ કરી નાખનાર છે: તેનું જ આ પરિણામ છે. આવી બે પુત્રોની ભયંકર વિકરાળ ચ્હેરાવાળી માતા કોઈ આપદા કરતી કહે છે કે:-" અરે ! મારા પુત્રો શા માટે મારી વિરૂદ્ધ વર્તે છે તે હું જાણતી પણ નથી." "મેં તેઓના તરફની મારી સર્વ ફરજો બજાવી છે અને તેઓને ઈશ્વરનો ડર રાખવાનું શીખવતાં મોટા કર્યાં છે. જ્યારે તેઓ પ્રાર્થના કરતા નહિ અને પ્રાર્થના કરવાથી કશો પણ લાભ નથી એમ કહેતા ત્યારે હું તેમને કહેતી કે, પ્રાર્થના કરવાથી શું લાભ થાય છે તેનો વિચાર કરવાનું કામ મારૂં તથા પ્રભુનું છે તમારે તે જાણવા જરા પણ જરૂર નથી, એમ કહી લપડાક લગાવી ફરજીઆત પ્રાર્થના કરાવતી."

આવી રીતે અનેક પતિ, સ્ત્રીઓ, માતાપિતા, મિત્રો અને પુત્રો શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ઠોંસા મારે છે અને પોતાનાં સંગી સબંધીઓને સખ્ત હરકત પાડે છે. પછી જેઓના પ્રેમ અર્થે તેઓ તલપે છે. તેઓનો પ્રેમ તેમના પ્રત્યે તદ્દન નષ્ટ થતાં "એમ કેમ થયું હશે" એવા ખરાડા પાડે છે.

ખૂબ યાદ રાખો કે—આપણામાંથી જે પ્રભા, કે જે આપણા ખરા આત્મ સ્વરૂપ જ છે તેની જ્યોતિ જેના તરફ પ્રકાશ કરતી પડે છે તેનામાં બરોબર આત્મકેન્દ્રમાં પ્રવેશ પામે છે. તે પ્રભા જો પ્રેમમય હોય તો જેનાપર પડે તેનામાં આપણા પ્રત્યે પ્રેમ, ચાહના, માન અને પ્રશંસા ઉભરાવે છે; અને જો તે પ્રભા પ્રેમ શિવાય અન્ય ભાવમય હોય તો પોતાના પ્રબળ ધક્કાવડે પ્રેમાદિ સર્વ ભાવ-

નાઓનો સામામાં સંહાર કરી નાંખે છે. આટલું સ્પષ્ટ વિવેચન સંભળાવી—સમજાવી આત્મા પછી એમાંથી કયો માર્ગ નિશ્ચયપુર્વક ગ્રહણ કરવો તે વાચકની મનોવૃત્તિપર અવલંબિત છે. સારી પ્રભા વિસ્તારવી કે માઠી તે સૌ સૌની ઇચ્છા પર આધાર રાખે છે.

સારાંશ અને અભ્યાસ ક્રમ.

સારાંશઃ—સુદૃઢ, દયા ભરિત પ્રેમાળ ક્રિયાઓ, કરૂણાવંત શબ્દો અને સ્વર, તથા પૂર્ણ પ્રેમની પ્રકટ માનસિક ભાવનાવડે આત્મિય આકર્ષણ સ્થાપિત કરવા સર્વોત્કૃષ્ટ મદદ મળે છે. આંખ, સ્વર અને હાથ એ મહાન આત્મિય આકર્ષણને વરસાવનાર—ફેલાવનાર છે. બેદરકારી, સ્વમતાંધતા, અને અવિશ્વાસવડે આત્મિય આકર્ષણ વિનાશ પામે છે. જેવા પ્રકારની પ્રભાનો પ્રવાહ આપણે આપણામાંથી

પાડીએ તેવા પ્રકારનું પરિણામ થાય જ. સારી પ્રભાનું સારૂં; માઠીનું માઠું. ક્યા પ્રકારની પ્રભા પાડવા મથવું અને પ્રભા કેવી પાડવી તે વિચારવાનું દરેકનું પોતપોતાનું જ કર્તવ્ય છે.

અભ્યાસક્રમ:—એકાંત સ્થિરાસને બેસી વિચારો કે:—" સકળ બેદરકારી, સ્વમતાંધતા, કર્કશ કઠોરવાણી, અને ક્રિયાઓનો હું સર્વથા ત્યાગ કરૂં છું. હું પરમ કોમળતા, નમ્રતા, નીતિ, પ્રિયતા, દયાળુતા, વિચારપુર્વક કરેલી ક્રિયાઓ તથા પ્રકટ થતી પ્રેમમય ઉત્તમ ભાવનાઓવડે એવા પ્રકારની ઉત્કૃષ્ટ પ્રભાનો પ્રવાહ સકળ વિશ્વમાં પ્રવાહિત કરીશ કે જે વડે સર્વ જન સમુહનું પરમ શ્રેય સાધ્ય થતાં એ જ પ્રભા મારા તરફ સર્વના પ્રેમ, મિત્રતા, માન અને કૃપા સ્વરૂપે પ્રવાહિત થતી આવશે."

૩—આકર્ષક આત્મપ્રભા કેમ પ્રાપ્ત કરવી ?

સકળ સૌંદર્ય નિધાન આત્મિય આકર્ષણ સ્વરૂપ દેવનું, આપણું આ સ્થુળ શરીર, મંદિર સમાન શી રીતે બનાવી શકાય ?

આપણે જાણ્યું કે:—" સુંદર મુખાકૃતિ અને કિંમતી વસ્ત્રાભરણો આત્મિય આકર્ષણ અર્થે લેશ પણ અગત્યનાં નથી: પરંતુ એમ ન સમજવું કે, સુંદર શરીરબાંધો અને સારા વસ્ત્રાલંકારમાં કાંઇ ખેંચાણકારક તત્વ નથી જ.

આત્મિય આકર્ષક પ્રભાવાન મનુષ્ય પ્રથમ તો, કજીયા, ટંટા નહિ જ કરે; બૂમ બરાડા નહિ પાડે; બહુ જ મોટે અવાજે વાતો નહિ કરે: અગર તો ક્રિયાશીલયુક્ત સાહસિક અકાર્ય નહિ જ કરે. આ બધી બાબતોથી—આકર્ષણશક્તિ વિનાશ પામે છે અને સજ્જન પુરૂષોને કંટાળો આવે છે. આત્મિય આકર્ષક

પ્રભાવાન મનુષ્યે નમ્ર, ધીમા, શુદ્ધ સ્વરે બોલવું; પરંતુ ગણુગણુતો શબ્દોચ્ચાર ન કરવો. હસવું ત્યારે પણ હૃદય—ભાવપુર્વક સુમંદ માધુર્ય ભરિત હાસ્ય કરવું. લોકો સાથે ખુલ્લા અંતઃકરણથી હસ્ત ધૂનન કરવું અને કોઇ સાથે વાત કરતાં અથવા તો કોઇ તેની સાથે વાત કરે ત્યારે સામાના નેત્ર સામે નેત્રનું અસ્ખલિત મિલન સાધવું.

જો ઉપરના સદ્‌ગુણો સિદ્ધાંતરૂપે હજુ વર્તનમાં ન આવી શકતા હોય તો ભાઇ! હજુ તમારે ઘણું આંતરીક કામ કરવાનું બાકી છે, દરેક બાહ્ય ક્રિયા કે શબ્દોચ્ચાર એ ચોક્કસ પ્રકારથી આંતરીક અવસ્થાનું જ પરિણામરૂપ ચિહ્ન છે.

આકર્ષક મનુષ્યે બાહ્યાભ્યંતર પૂર્ણ પવિત્રતા, આત્મિય પ્રભા પ્રાપ્ત કરી પ્રવાહિત કરવા અર્થે રાખવા ખાસ આવશ્યકતા છે જ.

જેમ ફેફસાં શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરે છે તેમ જ ચામડી પણ શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરે છે, અને એમ થવાની જરૂર પણ છે૧૮. જ્યારે ત્વચાનાં અનંત છિદ્રો મેલથી બંધાઈ જઈ શરીરપર નિત્ય મેલ ચડી જાય, ત્યારે ત્વચાના જ પોતાના નિભાવ અર્થે જે હવાની અગત્ય છે તે જ હવાનું તે ત્વચા શોષણ કરી શકતી નથી, તથા મેલથી રહિત ત્વચાવડે અંદરની જે ખરાબ હવા બહાર કાઢી નંખાય છે તે મેલવાળી ત્વચા બીલકુલ કાઢી શકતી નથી. મેલી ચામડીવાળા ગંદા શરીરથી માત્ર ચોખ્ખા રહેવાના શોખીનોને કંટાળો આવે છે એટલું જ કારણ નથી; પરંતુ ગંદા શરીરવાળો પરિણામે આકર્ષણશક્તિ રહિત જીવન-ચૈતન્ય તદન નિર્માલ્ય થઈ જાય છે.

સપ્રમાણ પુરતી, નિદ્રા પણ આકર્ષક પ્રભા પ્રકટાવવાનું એક સાધન છે. મગજના થાકી

ગયેલ તંતુઓ નિદ્રામાંજ પાછા તાજા થઇ જાય છે. વપરાશથી ઘસાઈ જતી શક્તિઓની પુરતી થઇ જાય છે, અને તાત્કાળ સમજી જવાની શક્તિ, નાના પ્રકારની ઉન્નત ભાવનાઓ અને બુદ્ધિની અતિવ સુક્ષ્મતા જે બધાં ઉત્તમ જીવનમાં ખાસ આવશ્યકતાવાળાં છે, તે સર્વે નિદ્રાવડે વિશ્રાંત થયેલ મગજમાંજ આવિર્ભાવ પામી આકર્ષક પ્રભા પ્રકટાવનાર બને છે. નિદ્રાની ખામીવડે પ્રમાદિ, સુસ્ત, મંદ બનેલ પુરૂષમાં આકર્ષક શક્તિની આશા જ રાખવાની નથી.

આકર્ષક પ્રભા સાધક યોગીએ પોતાની સ્થીતિ સુદૃઢતાથી ઉત્તમ રીતે સાચવી આગળ વધવા અર્થે તેમજ સકળ નૈરાસ્ય અને ચિંતાથી મન નિત્ય મુક્ત રહે એવા આત્મસંતોષવાન થવા સારૂ પોતાની સ્થીતિને સુઘટિત એવો પોશાક ધારણ કરવો. એ પોશાક ખર-

ચાગ ન હોવો જોઇએ. શરીરને બંધ બેસતો અને સ્વચ્છ જોઇએ; તેમજ તે પોશાકનો રંગ બનતાં સુધી તદ્દન શ્વેત અગર તો પોતાની કલ્પનાને યોગ્ય એવો સાદો હોવો જોઇએ.

બીજાઓ અમુક પોશાક પહેરે છે એથી પોતાને ન ગમે તો પણ બીજાઓ જેવો પોશાક કદી પણ ધારણ કરવો જ નહિ. ચીડ, ગુસ્સો, અણગમો, અસંતોષ, આ સર્વ આકર્ષણ સંધારનાર છે; અને પોતાને જ અણગમતાં વસ્ત્રો ફરજીયાત ધારણ કરવાથી ચીડ, ગુસ્સો, અણગમો, અસંતોષ, સ્વાભાવિકજ થાય છે; માટે અણગમતો પોશાક બીજાઓની દેખાદેખીથી ધારણ ન જ કરવો.

મિથ્યા-ખોટાં શોભાયુક્ત આભુષણો, રંગીન ચહેરા, નીખારેલ વાળ, અતિશય સુગંધી, એ બધાં આત્મિય આકર્ષણ ઘટાડનાર છે. સારા લોકો એવા મિથ્યા ડોળ-દમા-

મથી કંટાળી દુર જાય છે, અને એવા ડોળ ધાલુ તરફથી પાછા પાડી નાખનાર વિદ્યુત પ્રભા પ્રવાહ ફેંકતા જાય છે.

થોડાજ વખત ઉપર એક દયાળુ હૃદયા, વગદાર સન્નારી સમીપ એક માણસ પોતાના કુટુંબના નિર્વાહ અર્થે અમુક પ્રકારના ધંધામાં સહાય થવા માટે વિનંતિ કરવા ગયો. તેણે જે પોતાના સબંધી હકીકત તે બાઇને નિવેદન કરી તે તમામ નૈરાસ્ય અને મુશ્કેલી ભરેલી હતી; છતાં પણ હજુ પ્રયત્ન કરી પોતાના કુટુંબ અર્થે ગુજરાન સાધન મેળવવાનો પ્રયાસ કરવામાં મદદગાર થવા અરજ કરી; પરંતુ એ સન્નારી પાસેથી તદન તેને નિરાશ થઇ પાછા જવા ફરજ પડી. તેજ સન્નારીને કોઇએ આ વિષય પરત્વે પુછતાં તેણીએ જવાબ દીધો કેઃ—" તેણે જે કહ્યું તે તમામ મારા હૃદયમાં પૂર્ણ લાગણી પુર્વક ઉતરી

ગયું. તેના કથનથી ઉત્પન્ન થયેલ મારા હૃદયની લાગણી હું નક્કી તેને ક્રિયામાં બતાવવા ઇચ્છતી હતી. મદદગાર થવા–તત્પરતા બતાવવા ઉત્સુક હતી, અને કોઇ પણ તેને સહાયક રસ્તો શોધી આપવા ઉત્કંઠીત હતી; પણ તેની ચામડી એવી તો મેલી, તેનું શરીર એવું તો ગદું, અને તેના નખો એટલા બધા મેલ ભરેલ હતા તથા તેનાં વસ્ત્રો એવાં તો સાંધેલ અને ગંદાં હતાં, વળી કોઈ સોંઘી સુગંધી ચીજનો પણ એટલો તો આકરો વાસ આવતો હતો કે–હું તો તદ્દન કંટાળીજ ગઇ. મેરી સાથે વાત કરવા દરમિયાન જરા પણ ઉંચું જોયા વગર શરમિંદા–ઠીલા રહેલાએ વાતો કરી રહ્યા પછી આ બધી પરિસ્થીતિથી મને એટલો તો ધક્કો લાગ્યો કે–જેટલી હું ભલી તેના તરફ થવા ઇચ્છતી હતી તેમાંથી જરા પણ ભલાઇ હું દાખવી શકી નહિ;

એટલુંજ નહિ પરંતુ તે જ્યારે રજા લઇ જવા ઉઠ્યો ત્યારે હું તેની સાથે હસ્ત ધુનન કરવા પણ અશક્ત થઇ ગઇ."

ઉપર નિરૂપણ કરેલ કિસ્સામાં જે મુશ્કેલીઓ સહેલાઇથી અટકાવી શકાત તેવી મુશ્કેલીઓ પ્રમાદવડે નહિ અટકાવવાથીજ આત્મિય આકર્ષણનો અટકાવ થયો અને નિષ્ફળતા પ્રાપ્ત થઇ.

નિમ્ન લિખીત મુદ્દો ખાસ સ્મૃતિમાં રાખવા યોગ્ય છે. "કોઇ પણ માણસ જે પોતાના શરીરના બાંધાથી, કપડાંથી, વર્તનથી કે વિચારોથી શરમાયા કરે, તે કદી પણ આકર્ષક આત્મિય પ્રભાવંત થઇ શકતોજ નથી."

શરમાળપણામાંથી આકર્ષક નહિ; પરંતુ અનાકર્ષક અર્થાત પાછળ હઠાવનાર, નિર્માલ્ય. મંદ અંધકારમય પ્રવાહ વહન થાય છે.

નિર્મળ શ્વાસોચ્છ્વાસની પણ આરોગ્ય સાધનોમાં બહુજ મહાન જરૂર છે. કાશ્મીરમાં મુસાફરી કરી આવેલ એક માણસ અત્યંત લાગણી પુર્વક તે સુંદરપ્રદેશનાં સ્વાભાવિક સૃષ્ટિ સૌંદર્યનું વર્ણન પોતાના એક મિત્ર આગળ કરતો હતો. ત્યારે તે મિત્રે કહ્યું કેઃ—"તે પ્રદેશમાં મેં પણ એક વખત મુસાફરી કરેલ છે." ત્યારે પેલા માણસે પુછ્યું કેઃ—"અહો! તે પ્રદેશને તમે સૌંદર્ય સંપન્ન માનો છો કે?" તે મિત્રે જવાબ આપ્યો કેઃ—"મારી યાદદાસ્ત મુજબ તો જે યુવક સાથે હું તે પ્રદેશમાં ફર્યો છું તેના મુખમાંથી નીકળતો અતિવ દુર્ગંધયુક્ત શ્વાસોચ્છ્વાસ જ મને તો ખાસ સ્મૃતિમાં છે; તેમ છતાં પણ જો તે યુવક નહિ પણ યુવતી હોત અને ખાસ તેજ દિવસે ડુંગળી લસણાદિ ખાઈ દારૂ પી ન આવ્યો હોત તો હું તેને પરણી

બેસત; પરંતુ એવી દુર્ગંધવાળા શ્વાસોચ્છ્વાસની તેની સ્થીતિએ મારી ભાવનાઓપર તથ કાશ્મીરના સ્વાભાવિક સૌંદર્યપર પાણી ફેરવી દીધું."

ખુશમિજાજપણું અને ગંભીર આનંદીતતા એ તો સર્વોત્કૃષ્ટ આકર્ષક પ્રભાના મૂળ અધાારણરૂપ જ છે.

ઘણાએક ઉદાસી અને પ્રમાદી માણસોની મંડળીમાં આપણે બેસવા વખત આવ્યો જ હોય તેવે વખતે ભાગ્યજોગે કોઇ ખુશ-ચપળ દેખાવનો; ચળકતી સ્નેહાળ આંખોવાળો અને સુર્યમાંથી સ્વભાવિક ગરમી જેમ સતત પ્રવાહિત થાય છે તેમ પોતાના આત્મામાંથી આનંદીત પ્રેમનાં પ્રકાશિત કિરણો પાડતો પ્રવેશ કરતો જોવામાં આવે તો તાત્કાળ સર્વ મંડળ એકદમ જાગ્રત થઇ જાય, ચૈતન્યમય બની જાય અને તેજ ક્ષણે નવિન આવનાર

પ્રત્યે આકર્ષાઇ તેના પ્રેમમાં પડી જાય, એવો દેખાવ ઘણીવાર આપણા જોવામાં આવેલ હોવો જોઇએ. એમ થવાનું કારણ એજ કે આત્મા પોતાની વાણીમાં આત્મા પ્રત્યે નક્કી ધ્વનિ પાડે છેજ, અને તેનો પ્રત્યાઘાત મહાન અને નિશ્ચયપુર્વક સર્વોત્તમ છે.

સર્વ લોકોની મહત્તામાંજ દૃષ્ટિપાત કરવાથી મહદ આકર્ષણ પ્રાપ્ત કરી શકાય છે. અધમતાનું નિરીક્ષણ કરવાથી અનાકર્ષક થવાય છે. સામાન્ય જનસમુહમાં દેખાઇ આવતી ભલાઇ અને જે ઉત્તમ ક્રિયાઓ તેઓ કરવા સશક્ત હોય તે વડેજ તેમનું માપ કરવું—પ્રશંસા કરવી; અને તેમની નાલાયકપણાની ટેવો અને દુર્ગુણો તરફ ઉદાસીન ભાવવડે અજ્ઞતાજ ધારણ કરવી. જો એમ કરવામાં આવે તો અધમાધમ પુરુષો પણ એમ સમજે કે:—“ એ મહાત્મા આપણામાં ભરૂસો

રાખી આપણે ઉત્તમ છીએ એમ માને છે. તો ખરેખર આપણે એટલા બધા ખરાબ નહિ જ હોઇએ અને કોઇ પણ પ્રકારે એ મહાત્માને નિરાશા થાય, આપણા વિષેનો અભિપ્રાય તેને ફેરવવો પડે એવી કોઇ પણ ક્રિયા આપણે ન જ કરવી જોઇએ."

મહાન આકર્ષણ સ્વરૂપ મહાત્માઓ સમજણ પુર્વક આવા પ્રકારનું વર્તન, જન-સમાજ પ્રત્યે ચલાવે છે; તેનું ઉપર્યુક્ત મહાન કારણ છે જ અને એવા વર્તનથી જનસમા-જને તેમ જ મહાત્માઓને મહાન લાભ છેજ.

એક સાધ્વીને કોઇએ પુછ્યું કે:– ' અધમા-ધમ પતિત તમને આવી મળે તો તમે તેને સુધારવા અર્થે શું પ્રયત્ન કરો છો ?"

સાધ્વીએ જવાબ આપ્યો કે:–" તેનાપર પ્રેમપુર્વક હું વિશ્વાસ રાખું છું અને માન-પુર્વક તેને ચાહું છું. આમ કરવાથી ઝટ

દરેક લક્ષ્ટદ માણસ ઝટ સ્વમાન જાળવનાર અને પ્રેમાળ થઇ જાય છે જ. બંધુ ! સુધારણાનું કામ અત્યંત સ્હેલું—સરળ છે જ. ”

ઉપર કહેલ સિદ્ધાંતોવડે નિમ્ન લિખિત મહાન સત્ય સુત્ર સિદ્ધ થાય છે. જે સુત્ર સાંભળી વાંચી હૃદયમાં ગ્રહણ કરી આત્મિય આકર્ષણ સાધક યોગીએ તો જરૂર પોતાના વર્તનમાં મુકવુંજ જોઇએ.

“ અવિશ્વાસ અને અન્યની દુષ્ટતાની માન્યતામાંથી એટલી તો પાછી હઠાવી દેનાર વિદ્યુત પ્રભા પ્રવાહિત થાય છે કે તેનાથી નિત્ય ભયંકર હાનિ થાય છે. ”

“ પ્રેમ અને માન સર્વ તરફ પ્રકટ કરવાથી અત્યંત ઉત્કૃષ્ટ આત્મિય આકર્ષક પ્રભા પ્રવાહિત થાય છે. વિશ્વમાં આ એક સુત્ર સમાન મહાન જાદુઇ મંત્રરૂપ કોઇ પણ સુત્ર છે જ નહિ. ”

અંતઃકરણની વિશુદ્ધતા કે જેનો સર્વને અનુભવ થઈ શકે તે તથા અન્યને લાભદાયક બાબતોમાં પ્રેમ અને દયાવડે ભાગ લેવાની ક્રિયાઓ કરવાના સામર્થ્યમાં આત્મિય આકર્ષણ ઉત્પન્ન કરવાની મહદ શક્તિ છે.

એક પરમ સાધ્વી કે જે પુર્ણ આત્મશક્તિવાન હતી તેણે એક વખત કહેલ છે કેઃ—"મેં મારા સ્વાર્થ તરફ કદી પણ દષ્ટિપાત કર્યોજ નથી. માત્ર એક વખતજ સ્વાર્થ બુદ્ધિ મારામાં પ્રકટ થઈ ગઈ જે માટે ખરેખર હું દિલગીર છું."

આત્મિય આકર્ષક શક્તિવંત મહાપુરૂષ એટલો તો ઉન્નત કેન્દ્રમાં સ્થિત હોય છે કે—અપમાન કે હાંસી કદી પણ તે કરતો નથી. કોઈ પ્રત્યે તિક્ષ્ણ દોષારોપ કરતો નથી કે જેથી અન્યને દુઃખ લાગી જાય. કોઇની લાગણી દુભાય એવા પ્રકારની કહ્યા પણ તે કદી

કરતોજ નથી. એ બધાં આકર્ષણ સંહારક છે એમ તે સંપુર્ણ સમજે છે. ટુંકામાં કહીએ તો અંતરાત્માનો જ્વલંત શહેનશાહી પ્રકાશ પ્રકટ કરવાથીજ આત્મિય આકર્ષક પ્રભા ઉત્પન્ન કરી શકાય છે.

સારાંશ અને અભ્યાસક્રમ.

સારાંશઃ—શારીરીક બાહ્ય પવિત્રતા, આંતરિક પવિત્રતા, નિર્મળ સાદાં વસ્ત્રધારણ, ઉત્તમ તન–મન દુરસ્તિ તથા સ્વમાન સાચવવાની સમજણ એ સર્વથી આત્મિય આકર્ષણ ઉત્પન્ન કરી શકાય છે. શરમાળપણાની લાગણીવડે અનાકર્ષક થવાય છે. અવિશ્વાસ, કાપટ્ય, અન્યમાં દુષ્ટપણાંની માન્યતા, બીજાઓને ખીજવવાની, મશ્કરી કરવાની, અપમાન કરવાની જંગલી ટેવો, એ બધાં આત્મિય આકર્ષણનાં રોધક અને સંહારક છે. સર્વોત્કૃષ્ટ આત્મિય આકર્ષણ ઉત્પન્ન કરનાર તો

પ્રેમ અને માન છે.

અભ્યાસક્રમ:—ઓછામાં ઓછું દરરોજ એક વખત એકાંતે સ્વસ્થ આસને બેસી સુદૃઢ ધારણા કરો કે:—"હું નક્કી બાહ્યાંભ્યંતર વિશુદ્ધ થઈશ જ. હું પોતે પ્રેમી, દયાળુ અને સર્વનાં પરશ્રેય સાધવામાં નિત્ય તત્પરતાવાળો થઈશ જ; અને મારી સકળ વિચારણા અને ક્રિયાઓવડે પરમ પ્રભુના પવિત્ર મંદિર રૂપ મારા તન-મનને પવિત્ર હું બનાવીશ જ."

૪—ઇચ્છિત ઉત્તમ પરિસ્થીતિ કેમ બનાવવી ?

ઉત્પન્ન થયેલ અને વૃદ્ધિ પામેલ સત્ય આંતરિક આત્મિય આકર્ષણનો નિત્યના જીવન વ્યવહારમાં ઉપયોગ કરવાથીજ નિરંતર અનુભવમાં હરેક પ્રસંગાવશાત્ લાવી શકાય છે જ.

વિશ્વનો એક મહાન પ્રખ્યાત નરવીર નેપોલીયન કહતો કે:—" સકળ પરિસ્થીતિ હુંજ ઉત્પન્ન કરૂં છું. " જો કે એ નાનકડો પણ મહાન યોદ્ધો કે જે મહદ સામર્થ્યવાન હતો તેમજ સર્વ પ્રકારની યુક્તિ પ્રયુક્તિ રચીને પોતાની ધારણા મુજબ પાર પાડી શકવા લગભગ સમર્થ થયો જ હતો; તોપણ એ મહાન યોદ્ધાની ઉપર્યુક્ત ઉક્તીને ઘણા લોકો અતિશય હિંમતની હદ વટાવનારો જવાબ

ગણે છે. ત્યારે જો કોઈ એથી ઉતરતો માણસ એવું બોલે તો માત્ર તે બોલવું બીનલાયકાત ભરેલું, અહંકારીપણાવાળું, અને મિથ્યાભિમાનવડે થયેલ પ્રમાદના પરિણામ રૂપેજ માની શકાય. એમ છતાં-પણ એ તો વાસ્તવિક સત્યજ છે કે-ઘણે ભાગે સર્વ લોકો પોતપોતાની પરિસ્થીતિના ઉત્પન્ન કરનાર પોતે જ છે. તેમ જ અચળ—અડગ—સુનિશ્ચિત અગત્યનો મહાન સત્ય સિદ્ધાંત તો વળી એ છે કે—સુબુદ્ધિપુર્વક કરેલા સુદૃઢ નિશ્ચયવડે ઈચ્છિત પરિણામ લાવવા અર્થે સદાગ્રહપુર્વક જો ક્રિયાઓ કરવામાં કટિબદ્ધતા થાય તો માનવ પોતાની પરિસ્થીતિ પોતાની ઈચ્છા મુજબ રચી શકવા સામર્થ્યવાન નક્કી થાય છે જ.

પરિસ્થીતિ સ્વેચ્છિત બનાવવા આત્મિય આકર્ષક પ્રભા પ્રસરાવનારે ન ભુલવા જેવો અને નિરંતર લક્ષ્યમાં રાખવા

જેવો આ મુદ્દો છે કે;–એવા યોગીએ તો "આત્મારૂપ કેન્દ્રમાંથી એ શક્તિનો ક્રિયાત્મક પ્રભાવ વિસ્તારવો અને સુક્ષ્માત્મા કે જે પૂર્ણ આકર્ષણ સ્વરૂપ જ પોતે છે તેના આકર્ષક સામર્થ્યની અત્યંત અસરવડે ઇચ્છિત પરિસ્થીતિને ભરપુર કરી દેવી જોઇએ."

સત્ય નિષ્ઠામાં જ સુદઢતા હોવાથી આ આત્મિય જીવન પોષાય છે, તથા તેનાં મૂળ તત્વો નાના વિધ આકર્ષક સત્તા સ્વરૂપે દશ્ય આકૃત્તિઓ ધરે છે. અંતઃકરણની નિર્મળતા, પવિત્ર હેતુ, અંતરાત્માની પ્રશાંત અચળતા, અને તમામ પ્રકારની અનીતિ, અન્યાય, નિર્દયતા, કર્કશતા, પ્રમાદ, આળસ, કાષાય તથા બાહ્યાભ્યંતર અપવિત્રતાને અત્યંત સંહારનાર માનસિક સર્વોત્તમ અવસ્થા એ સકળ ઉપર્યુક્ત જીવનનાં પોષક સાધનો છે.

પરિસ્થીતિ ઉત્પન્ન કરવી એનો અર્થ એ૦

૬–પોતાની સ્વૈચ્છિક અવસ્થા કેમ કરવી ?

નેપોલીયને પોતાના જીવનના છેવટના ભાગમાં જો કે તે કહેતો નથી તો પણ પોતાને તદ્દન અનિશ્ચિત એવી પરિસ્થીતિ ઉત્પન્ન કરવાનું આરંભેલ માત્ર સ્વાર્થી ઇચ્છાના પરિણામ અર્થે પોતાની પ્રિયતમા જોસેફાઈનને ભયંકર નિર્દયતા વડે દૂર કરી અને એવું પણ કહેવાય છે કે, વાટરલુનાં અંતિમ યુદ્ધ સમયે જો નેપોલીયન પોતાના ખરેખર સ્વરૂપમાં હોત તો વેલીંગટનને વિજય મળી શકત જ નહિ. પ્રિયતમાના ત્યાગરૂપ ભયંકર કૃત્ય તેને હાથે થયા પછી તેના આત્માની પ્રશાંતતા, સંતોષ, અને ધૈર્યપૂર્ણ આત્મિયબળનો સંહાર થયો હતો. એજ ભયંકર અનીતિમાન કૃત્ય વારંવાર તેના હૃદયને કોરી ખાતું; તક્સર ક્રિયાઓ કરવાનું સામર્થ્ય નષ્ટ કરતું; જીવન પ્રવાહનો ભંગ કરતું. જો કે

વારંવાર એ અન્યાયમાં ન્યાય દર્શન કરવા ફાંફાં મારતો; પરંતુ તેમ થઈ શકતું જ નહિ. નિર્બળતા, પશ્ચાતાપ, માનસિક ભ્રષ્ટનષ્ટતા અને અંતઃકરણની હાલકડોલક સ્થીતિ કે જે આત્મિય આકર્ષણના પરમ કટ્ટા શત્રુ સમાન છે તેને તે આધીન થઇ જતો.

રાજાઓ અને સામાન્ય વ્યક્તિઓની કારકીર્દિ તથા ખાનગી જીવન ઇ. વ્યવહારના ઇતિહાસનું નીરિક્ષણ કરતાં ચોખ્ખું સમજાય છે કે–તેઓ પ્રથમ જે સર્વ બાબતોમાં કૃતેહમંદ થતા તેજ બાબતોમાં, કોઇ પણ ભય કર, અન્યાયી, અનીતિમાન, કાર્ય તેઓથી થઈ ગયા પછી કે નાનાં નાનાં હલકાઈનાં કર્મો તેમનાથી થવા માંડ્યા પછી તેઓ પાછા પડવા લાગેલ છે.

સીતાનો ગર્ભે તે હેતુથી છતાં પણ અનિશ્ચિત અને ન્યાયને ઠારે મુકી કરેલો ત્યાગ જ

રામનાં અંતિમ જીવનને વિજયી બનાવી શકશે જ નથી.

સ્વર્ગીય સામ્રાજ્ય એ માત્ર બીજું કાંઇ જ નહિ; પરંતુ સુદૃઢહૃદય, નિર્મળ અંતઃકરણ, સુનિશ્ચિત એટલે કે કદી પણ ન કંટાળે એવું મન, સ્થિર ચિત્ત, નિશ્ચયાત્મક બુદ્ધિ, સદ્‌વિચારસહ સ્વાનંદી સ્વભાવ, અને એ સર્વ સુલક્ષણોના પરિણામે બ્રહ્મભાવરૂપ પરમ કેન્દ્રમાં સ્થિર, પ્રશાંત હેતુપુર્વક આત્મિય સ્થીતિ જેવડે સ્વેચ્છાપુર્વક સકળ સર્વોત્તમ પરિસ્થીતિ ઉત્પન્ન કરી શકાય છે, તે જ છે.

આંતરિક સુદૃઢ સર્વોત્તમ હેતુ એ જ પરમ આકર્ષક શક્તિ અર્પનાર છે. ઉદાસી, ચલિત, નિર્બળ મનના માણસમાં જીવન હેતુ આત્મિય કેન્દ્રમાં સ્થિર ન હોવાથી તેવો માણુસ કદી પણ આકર્ષક શક્તિ પ્રાપ્ત કરી શકતો નથી. ખરેખર! આત્મિય આકર્ષક શક્તિવંત મહા-

પુરૂષોમાં પોતાનાં સર્વોત્તમ હિતકર સંકલ્પ અનુભવમાં મુકવાની ક્રિયામાં ભગીરથ પ્રયત્ન કરવાનું શ્રેષ્ઠ સામર્થ્ય અને જીજ્ઞાસા હોય છે જ. પોતે સુનિશ્ચિત કરેલા કેન્દ્રે પહોંચવામાં નિડરતાથી ધસી જવાના સિદ્ધાંતવાળા અભય મહાત્માઓની સંગે જતાં તેમના ઢીલા પોચા સંગીઓ કદાચ અતિવ હાડમારી, મુશ્કેલી કે કદાચ મરણ શરણ પણ થાય છે; પરંતુ "અર્થં સાધયામિ, કિંવા દેહં પાતયામિ" એ સુદૃઢ નિશ્ચયપર પ્રગતિ કરતા પૂર્ણ, નમ્ર, અગમચેતીવાન મહાત્માઓ કદાપિ પણ પાછા હઠતા જ નથી.

અનેક મહાત્માઓ-મનસુરાદિએ પોતાના જીવનપ્રવાહમાં અનંત મુશ્કેલીઓ માથે પગ મુકી ક્ષુલ્લકતા, અનિશ્ચિતતા, નિર્બળતા અને ઉદાસીનતાથી પર થઈ સ્વાત્મ લાભરૂપ પરમાકર્ષણ નિધિને અભિન્નતાથી ઝીલેલી છે જ.

પરમાકર્ષણ પર સર્વોત્તમ વિજય કરનાર સર્વો-ત્કૃષ્ટ સામર્થ્ય તો સરળતા અને સ્વતંત્રતામાં જ છે. સરળ અને સ્વતંત્ર સ્વભાવના વકીલને જ પોતાનો મુકર્દમો સોંપવા લોકો શોધે છે; અને એવા જ સરળ સ્વતંત્ર વેપારી સાથે લોકો લેવડ-દેવડનો વ્યવહાર કરવા ચાહે છે, તથા પરમ સરળતા અને સ્વતંત્રતા પુણ્ય પ્રિયતમ આશકને જ ઉત્કૃષ્ટ માશુક પસંદ કરે છે જ.

પ્રામાણિકતા એ પરમાકર્ષણ શક્તિ છે; તે વડે જ સરળ નિર્મળ દૃષ્ટિ અને આકર્ષક ઉત્તમ ક્રિયાઓ થાય છે, કે જેનાથી સર્વ જન સમુહ સાથે સર્વોત્તમ સ્નેહ સાંકળ બંધાય છે.

એક શ્રેષ્ઠ તત્ત્વનિષ્ઠ પુરુષ વિષયે કહેવાય છે કે:—" અનંત સ્વરૂપ પરબ્રહ્મમાં જ તે નિત્ય ઉડતો તથા એની જ અગાધતામાં તે નિત્ય ડૂબકીઓ રહેતો; પરંતુ પ્રામાણિકતારૂપ ચેકડ

કદી પણ તે આપી શકતો જ નહિ."

એમ ન ચાલે ભાઇ! પરમાર્થક બન- વામાં તો સ્વભાવ, ચારિત્ર અને આચરણ તેમજ વ્યવહાર, પરમાર્થમાં પોતાના અને અન્ય સબંધે રોકડીયા અર્થાત્ સ્વાનુભવ સિદ્ધિ લેનાર દેનાર થવું જ જોઇએ.

પ્રામાણિકતા, શ્રેષ્ટતા, માનપ્રદતા, દયાળુતા, સભ્યતા અને નિર્મળતા, તથા પવિત્રતા રૂપ રોકડની ખામી-એ તો મહાત્માપણામાં દીવા- ળીયાના જેવી સ્થીતિ જ ગણાય; અને એવી સ્થીતિમાં પોતાની ખામીને લીધે આત્મિય આકર્ષણ રહીત ખાલી ખમ રહી જવાય છે જ. કોઇ પણ ઉત્તમ ઉન્નત હેતુ સાધવાની ક્રયામાં ગરકાવ થઇ જઇ તે હેતુ સાધ્ય કરવાથી આકર્ષક શક્તિ આશ્ચર્યકારક રીતે વધી જાય છે. આ રીતે અંતઃકરણને કેળવવાનો અભ્યાસ પડતાં, કાર્યસાધકે અંત-

રિક શક્તિઓને વૃદ્ધિંગત થતી સગવડો મળતાં તેમ જ ઉત્કૃષ્ટ જીજ્ઞાસાના જીવંત રહેતા સ્વયમાત્મમાન ઉત્પન્ન થાય છે. મન વૈકારિક કલ્પનાઓથી રહિત થાય છે તથા અયોગ્ય એવા પ્રપંચાદિથી અધીર ભાવ નષ્ટ થતાં આત્મિય આકર્ષણ શક્તિ પરમ વૃદ્ધિંગત કરવામાં મહાન સહાયક થાય છે જ.

સકળ પરિસ્થિતિના સામ્રાજ્યમાં સ્થિત થઈ તેને પોતાને સ્વાધીન કરનાર—કાબુમાં રાખનાર માનવે "નિડર થવું જ જોઈએ, અને અભયપણે નિશ્ચયાત્મિકા બુદ્ધિવડે સિદ્ધ કરેલ પરમ પસંદગીના શ્રેયસ્કર વિચાર અને આચારવાન થવું જ જોઈએ." અણુગમતાં પરિણામો લાવનાર, આચાર વિચારના ઐક્યથી વિરુદ્ધ અને અહિતકર વિજય જેનાવડે પ્રાપ્ત થાય એ પ્રકારની પ્રભા પ્રકાશનાર કદી પણ આત્મિય આકર્ષક જ્યોતિ પ્રકટાવી શકે જ નહિ.

કોઇ એક સંસ્થાએ નિત્ય જીવન વ્યવહાર અને ઉદ્યોગ અર્થે ઉપયોગી એવા વિષય સબંધી એક પુસ્તક પ્રકટ કરવાનો નિશ્ચય કર્યો. યુક્તિ ઉત્તમ રીતે યોજવામાં આવેલ સહરણુ પુસ્તક લખવા માટે પસંદ કરેલ માણસ પણ એ કાર્ય કરવા સશક્ત અને સુયોગ્ય તથા ઉત્તમ હતો; પરંતુ એ પસંદગી કરનાર એ સંસ્થાના સભ્યો એવા દબાણવાળા સંજોગોમાં ગમે તેવા ભોગે પણ એવું એક પુસ્તક સંપાદન કરવુંજ જોઇએ; એવી પરિસ્થીતિમાં એ લેખકની ચુંટણી થઇ હતી, અને એવો પણ હેતુ એ સંસ્થાનો હતો કે-થોડા ખર્ચમાંજ તે ઉત્તમ પુસ્તક બહાર પાડી શકે. પરિણામ એ થયું કે-જો કે તે પુસ્તક સારૂં લખાયેલ, સુચિત્રિત. ઉત્તમ રીતે છપાયેલ, આકર્ષક બાંધણીવાળું અને યોગ્ય કિંમતે બહાર પડયું; છતાં પણ તેનો જોઇએ તેટલો આદર-ઉદાર જનસમાજમાં થયો નહિ. એમ શા માટે બન્યું તે હવે તપાસીએ ઉત્તમતાની લેશ પણ ક્ષા-

ગણી, પ્રેમ અને સંપુર્ણ રચનાનું સૌંદર્યવાન સામર્થ્ય જેવડું આકર્ષક પ્રભા સર્વત્ર પ્રસરે એવું એક જીવનતત્ત્વ તે પુસ્તકમાં નહોતું. એ જ કારણને લીધે વિજય ન મળ્યો. સંસ્થાના ચાલકોના મૂળ હેતુમાં એ તત્ત્વો જ નહોતાં.

"જે આત્મિય શક્તિને ક્રિયાવંત કરીએ છીએ તે જ આત્મશક્તિ બહાર પડી કાર્યરૂપે પરિણામ પામવાની છે; અને તેના જ ઉપર કાર્યના વિજય કે પરાજયનો આધાર છે." એ સુત્ર તરફ પરિસ્થીતિને કબજે કરનાર સાધકે ખૂબ લક્ષ્યમાં રાખવું જ જોઈએ એ સત્ય તરફ દુર્લક્ષ થવું જ નહિ જોઇએ.

નિડરતાથી ક્રિયા થવી જોઇએ, અભય-પૂર્ણ આચરણ કરવું જોઇએ જ. પોતાના આચાર્ય પ્રત્યે સ્વાભાવિક ભય હોતો જ નથી તેમજ પોતાની જ બની ચર્યે સ્વાભાવિક નિડરપણું પણ હોતું જ નથી.

પરિસ્થીતિ સ્વેચ્છા મુજબ બનાવનારે પોતાના આત્માપર પોતાનું જ સ્વામિત્વ સ્થાપવું જોઇએ; અને અન્ય તરફથી થનાર નિંદા, સ્તુતિ, બહુ મતો અને ગેરસમજણોથી ઘસડાઈ જનાર અગર તો પોતાની જ કોઇ પણ પ્રકારની મુર્ખતા કે સ્વમતાંધતા પકડી રાખનાર પુરૂષ પોતાના આત્માપર સ્વામિત્વ કદી પણ પ્રાપ્ત કરી શકતો જ નથી.

અંતઃકરણ, વિચાર અને ક્રિયા અર્થાત્ મન, વાણી અને ક્રિયામાં પરમ અભેદમય સ્વાતંત્ર્યવાન મનુષ્ય જ પુર્ણ આત્મિય આકર્ષક શક્તિવંત થઇ શકે છે.

આ વિષય પરત્વે આટલું વિવેચન કર્યાં પછી એ તો ખુલ્લું કહી જ દેવું જોઇએ કે— પરિસ્થીતિને આકર્ષવા જેટલા પથો નિરૂપણ કર્યા તે તમામ તદ્દન અસ્પષ્ટ છે. એ સર્વ એક કાળે જ માનવથી થવા અસંભવ જેવા

છે; તો પણ ખરેખર વાસ્તવિક અગત્ય જેની છે એવાં બે મહાન સત્ય સુત્રો અંતિમ સિદ્ધાંત રૂપે હવે કહી દેવામાં આવે છે.

૧:—"સર્વોત્કૃષ્ટ શક્તિઓ તો અદૃશ્ય જ છે; છતાં પણ શ્વાસોચ્છવાસને વિદ્યુતની પેઠે સ્પર્શે છે."

૨:—"વિજય કે પરાજયના પરમ કારણરૂપ મહાન શક્તિરૂપ તો જેવા પ્રકારની આત્મિય પ્રજાનો પ્રકાશ પાડી શકાય તે જ છે; અને જેવા પ્રકારના આચાર અને વિચારરૂપ ચારિત્ર–સ્વભાવ હોય તેવા જ પ્રકારની પ્રભા–પ્રકાશ પાડી શકાય." સ્વાર્થી ક્ષુલ્લક મનનો માણસ કદી પણ ફતેહમંદ કાર્યસાધક થઈ શકે જ નહિ.

કોઈ એમ પણ કહે છેઃ—અમુક માણસ અપ્રમાણિક, સ્વાર્થી અને તદ્દન નીચ છે;

છતાં પણ સર્વોત્તમ રીતે શૃંગારેલ મહેલોમાં વસે છે, તેનાં ખાનગી સજ્જનો આમિરથમાં જોડાય છે અને તેને અર્થે પોતાનાં જ સહેલ-ગાહી નાવો સમુદ્રમાં ફરી શકે છે. અર્થાત ખૂબ મજાહ ઉડાવેછે. હા ! એ ખરૂં ! પરંતુ જરા કૃપા કરી સ્થિર ચિત્તે વિચારો કે—જેના વિના જીવન અને પૈસો તદ્દન ધૂળ છે એવી એક પણ વસ્તુ કે સ્થિતિ તેણે પોતાના જીવ-નમાં પોતાનાં નાણાંવડે ખરીદી છે? ખરીદાઈ છે ? અર્થાત તન—મન દુરસ્ત, આનંદ, સુખ, શાંતિ, નિત્ય સરળતાવાળું જીવન અને ઈશ્વરી મહત્તાનો અનુભવ એમાંનું કશું પણ એનાં જીવન કે દ્રવ્ય તેને મેળવી આપ્યું છે ? ના, ના, અને ના જ. એવા માણસોએ પોતાની આ-ત્મિય શક્તિરૂપ પ્રભા—પ્રકાશ માત્ર એક દૈહિક—ઐંદ્રિક ભોગરૂપ સ્વાર્થની ક્રિયા તરફ જ પાડ્યો છે. જેને પરિણામે માનસિક દુર્બળતા, આ-

આત્મિક અધમતા, રોગી શરીર, અને પશુ આનંદ કે શાંતિના અતિશય અભાવરૂપ જીવન ગાળે છે.

પ્રભુકૃપાથી એટલું તો સારૂં—ઉત્તમ, આશાજનક કાર્ય થયા જ કરે છે કે—નૈતિક આકર્ષક સદ્ગુણો જો એક વખત અંતઃકરણમાં સ્થાપિત થઈ જાય તો તેની દૃઢતા અને વૃદ્ધિ અત્યંત ઝપાટાબંધ થાય છે. સત્ય માનવનો સ્વાભાવિક સ્વભાવ જ—લાગણી જ ઉત્તમતા તરફ પ્રવૃત્તિવાન છે જ; અને તેથી જ સત્યતા સ્વરૂપ ઉત્તમ સદ્ગુણો ખીલવવા—કેળવવાની હરેક લાગણી, હરેક વિચાર, હરેક પ્રયત્ન અને નિશ્ચયરૂપ ક્રિયાઓવડે ઉત્તમરૂપ સત્યનો અભંગ સંગ અને તેનું મહાન સામર્થ્ય સાધકની સદા સાથે જ રહે છે, જેથી તેના પ્રગતિ પંથમાં બીલકુલ પણ વિઘ્ન આવતું નથી અને નિર્વિઘ્ને માર્ગ સંપુર્ણ કરવા શક્તિ-

વાન થવાય છે.

આપણા જીવનમાં જે હોવું ન જ ઈચ્છીએ તે સંબંધે અર્થાત મુશ્કેલીના પ્રસંગો, ઢીલા-પોચાપણું, નાહિંમત, માંદગી અને આપત્તિનાં પ્રસંગો વિષયક વાતો કર્યા ન જ કરવી; તેમ જ એવી માન્યતાઓ મનમાં પણ ભરવી જ નહિ. અનંત જીવન, શાંતિ, પરમાનંદ, સંપુર્ણતા, વિજય અને સર્વ શક્તિમત્તા વિષયક વાતો અને માન્યતા જ વધારવી. આ પંથે પળતાં હઠીલા ઘોડાની પેઠે વારંવાર બારણાંના ઉંબરા ભાંગી નાંખનાર, ધક્કા મારતાં પણ નહિ ખસનાર, એવી અનેક સિદ્ધિઓ હાજર થશે: પરંતુ તેમાં કોઈ પણ પ્રકારે મનોવૃત્તિ નહી વળગાડતાં અત્યંત વેગે નિરંતર વહન થતો વૃત્તિ પ્રવાહ જેમાંથી સકળ શ્રેય પ્રેય શ્રદ્ધાપુર્વક નિશ્ચયપણે પ્રાપ્ત થઈ શકે છે, એવા પરમકૃપાળુ પ્રભુરૂપ સર્વ શક્તિ સમૃદ્ધ અપરિમિત અગાધ સિંધુ તરફ વહન કરાવવો.

સારાંશ અને અભ્યાસક્રમ.

સારાંશઃ—નિત્યજીવન વ્યવહારમાં આકર્ષણનો ઉપયોગ કરવાથી પરિસ્થીતિ સ્વેચ્છિત રચી શકાય છે.

માનવે પોતાના આધ્યાત્મિક આકર્ષક કેન્દ્રમાંથી જ હમેશાં ક્રિયામાં પ્રવાહિત થવું.

ક્ષુલ્લકતા અને અન્યાય-અનીતિ, આકર્ષણની મહાન હાની કરનાર છે.

સુદૃઢ પવિત્ર હેતુ વિષયક સ્વામિત્વ, ઉદ્યોગ, શીલતા, પ્રામાણિકતા, અભયતા અને સત્યપ્રિયતા, તથા સર્વોત્તમની શોધ પરત્વે પરમાતુર જીજ્ઞાસુપણું એ સર્વ અનંત આકર્ષક શક્તિ અર્પનાર છે.

અભ્યાસક્રમઃ—એકાંતે સ્વસ્થાને વિરાજી વિચારો કેઃ—" હું **સ્વતંત્ર**, પ્રામાણિક, સત્ય પ્રિય અને ન્યાયી થઇશ જ. આત્મસાક્ષાત્કાર-રૂપ વિજય અને સામર્થ્ય મેળવવા અર્થે હું

મારા જીવનની પરિસ્થીતિ કાબુમાં લઉંછ જ. હું નક્કી ઇચ્છું જ છું કે—સર્વ સત્ય મતા—શક્તિઓ મારા સહાયક હો! અને સર્વ પ્રિય પરમાત્મા જે સકળ શક્તિ—ચૈતન્યનો નિધિ છે, તેના નિરંતર અખંડ સંગમાં આત્મભાવે હું સદા રહું જ છું જ. (કોઇ પણ ખાસ કામ કે બાબત જે કરવા ખાસ લાગણી કે ચાહના હોય તો તેનું ચોકસ નામ લઇ સુદૃઢ ધારણા કરવી કે—) અમુક કામ કે બાબતમાં હું નક્કી વિજય પ્રાપ્ત કરીશ."

૫–પ્રેમ કેમ પ્રાપ્ત કરવો તથા નિભાવવો ?

એક બ્હેન કે જેને હેતુ પુર્વક જીજ્ઞાસુપણાંથી પ્રશ્ન પુછવાની ટેવ હતી અને જેને એવી ઉત્તમ ટેવના પ્રભાવે જ ખુલાસાવાર સત્ય જવાબ મળતા જ; તે બ્હેને એક વખત કોઈને પ્રશ્ન પુછ્યો કેઃ–"તમને સર્વોત્કૃષ્ઠ જીજ્ઞાસા શું પ્રાપ્ત કરવાની છે ?" જેના પ્રત્યે આ પ્રશ્ન તે બ્હેને કર્યો તે વ્યક્તિએ ઉત્તર આપ્યો કેઃ–"મને સૌ કરતાં શ્રેષ્ઠ રીતે પ્રેમથી ચાહનારને હું વિશ્વમાં શોધું છું." જો કે આ પ્રમાણેનો મારો હેતુ અગાઉ કદી મેં કોઇ આગળ પ્રકટ કરેલ નથી; છતાં એ પુર્ણ સત્ય મારો આંતર હેતુ છે." અલબત્ત એનો એજ ખરો

વાસ્તવિક સત્ય હેતુ હતો જ. જો કે—ભાગ્યે જ કોઈ લોક એવો પોતાનો હેતુ છે એમ કહી બતાવી શકે છે; છતાં પણ સર્વ લોકોની પરમ મહત્વાકાંક્ષા તો એ જ હેતુરૂપ છે.

ઘણીવાર એવું સાંભળવામાં આવે છે કે—કોઈ અમુક ચોક્કસ માણસ "પ્રેમઘેલો" થએલો છે. વાસ્તવિક રીતે જો કે—અન્યની "પ્રેમઘેલચ્છા" વિષયક વાતો માણસ મંદહાસ્ય અગર તો મુખના મરડાટ પુર્વક નસકોરાં ચડાવીને કરે છે; છતાં પણ વિશ્વ માત્રની વસ્તીનો બે ત્રતીયાંશ કરતાં પણ વિશેષ ભાગ "પ્રેમઘેલચ્છા"માં જ મચેલ છે; અને એવી પ્રેમઘેલાની લાગણી હોવી એ અત્યંત વાસ્તવિક અને માનવની સ્વાભાવિક જાગીર છે. પવિત્ર વેદાદિ શાસ્ત્રોના લેખકો "પ્રભુ પૂર્ણ પ્રેમ સ્વરૂપ છે" એથી વિશેષ પ્રશંસા ઈશ્વરની કાંઈ પણ કરી શકતા જ નથી. લેખકો, કવિઓ,

પંડિતો, અને ભકતો તથા જ્ઞાનીઓનો "પ્રેમ" એ સર્વશ્રેષ્ટ, સર્વમાન્ય વિષય છે. "પ્રેમજ" શ્વાસોચ્છવાસ સમાન સ્વાભાવિક તથા આત્મા સમાન સત્ય પ્રતિષ્ઠા સ્વરૂપ છે; અને દૈહિક જીવન અર્થે જેમ આશ્રય અને ખોરાકની જરૂરીયાત છે તેમ જ આત્મિય જીવન અર્થાત સુખાનંદ અર્થે એ પ્રેમની પરમ આવશ્યકતા છે જ. "જલ પિપાસા" થી જેમ શર્મ લાગતી નથી તેમ "પ્રેમપિપાસા"થી પણ મનુષ્યે લેશ પણ શરમાવું નહિ જ જોઇએ.

મહાન ઉત્તેજક, અત્યંત સુધારક, પ્રગતિકારક તેમ "પાપ, તાપ, શ્રાપ, નૈરાસ્યાદિ સંહારક, સામર્થ્ય સંપન્ન તો પ્રેમ જ છે."

જે કોઈ માણસ સર્વોત્કૃષ્ટ સત્ય પ્રેમવાન હોય છે અને જે પોતાના પ્રેમપાત્ર તરફથી પુર્ણ સત્ય પ્રેમનું સ્થાન પોતે બનેલ હોય છે એવો પ્રેમ સ્વરૂપ પુરૂષ એવા એક વિશુદ્ધ

પ્રેમમય પ્રદેશમાં પ્રવેશ કરે છે કે—જ્યાં આ-ત્માની અધોગતિકારક તથા ચારિત્ર સંહારક દુર્ગુણો બીલકુલ પ્રવેશ કરી શકતા જ નથી.

પરંતુ ઇશ્વરી આશીર્વાદ અર્પનાર, મહત્તા અને સંતોષરૂપ મહાન બક્ષીસ દેનાર પવિત્ર પ્રેમ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તેમજ પ્રાપ્ત કર્યા પછી શી રીતે નિભાવી શકાય ?

સેંકડો લોકો આવો પ્રશ્ન ખાનગી રીતે ગુપચુપ પુછે છે, હજારો લોકો આવો પ્રશ્ન પુછવા પરમાતુરતાથી ટાંપી રહેલ છે; અને લક્ષાવધિ જન સમૂહ આ પ્રશ્નનો સુયથાર્થ ઉત્તર મેળવવા ઉત્કંઠિત છે.

હવે દ્વિતિય પ્રશ્ન એ છે કે—જે કોઇ તેની સંપુર્ણ કિંમત રૂપ ભોગ આપવા તત્પર હોય તેનાથી કઇ પણ રીતે એ પવિત્ર પ્રેમ પ્રાપ્ત કરી શકાય છે ?

આ પ્રશ્નનો જવાબ સુદૃઢ, સરળ અને ચોખ્ખો જ છે; અને એ જ કે—"જે પવિત્ર નિયમોના પાલનવડે એ દિવ્ય પ્રેમ ઉત્પન્ન કરી જીતી શકાય છે; તે પવિત્ર નિયમોના પાલનરૂપ ક્રિયાઓ કરવામાં કટિબદ્ધ પુરૂષ નિઃસંશય એ પ્રેમ ઉત્પન્ન કરી, જીતી પ્રાપ્ત કરી શકે છે જ."

અને પ્રેમ અગર કાંઇ ગમે તે પણ નિયમ પુર્વક જે પ્રાપ્ત થાય તે વસ્તુ, જ્યાં લગી તે નિયમમાં અડગપણે અનુસરણ થાય ત્યાં લગી જરૂર નિભાવી કબજે રાખી શકાય છે જ.

માતા, પિતા, પુત્ર, ભગિનિ, પતિ, પત્ની, મિત્ર કે આશક, માશુકનો કે કોઇ પણ પ્રકારનો પણ પ્રેમ શા વડે પ્રાપ્ત કરી શકાય.

જવાબ એ જ કે—"માત્ર આત્મિય આકર્ષણથી જ."

પ્રશ્ન:—"કોઇ પણ પ્રકારનો પ્રેમ શાશ્વત નિભાવી–ટકાવી શકાય ?"

જવાબ:—"સતત અસ્ખલિત અખંડ આત્મિય આકર્ષણથી જ."

અશ્વનાળાકૃત લોહચુંબક દરેક પોલાદ–લોહના રજકણોને પોતા તરફ ખેંચશે અગર તો એ અયસ્કાન્ત પોતાનાં આકર્ષણની ક્રિયામાં આવનાર તમામ લોહચુર્ણને પોતાની તરફ ખેંચી જ્યાં લગી તે અનાકર્ષક નહિ થઇ જાય ત્યાં લગી તેને પુર્ણ આકર્ષણરૂપ પોતાના પ્રભાવવડે ધારણ કરશે જ. અયસ્કાન્ત નિત્ય અસ્ખલિત રીતે જ લોહચુર્ણને આકર્ષી શકે એમ નક્કી કહી શકાય જ કે ! હા ! હા ! અને હા જ ! કારણ કે—અયસ્કાન્ત પોતાની ક્રિયા આકર્ષણના નિયમાનુસાર જ કરે છે. અયસ્કાન્ત જો આકર્ષણ રહિત થઇ જાય તો લોહચુર્ણને

આકર્ષણ કરતું, ખેંચતું બંધ થઇ જાય એ ખરૂં કે ? હા ! નક્કી જ; કારણ કે—અનાકર્ષક- રૂપી વિરૂદ્ધ પણ નિયમોવડે જ એમ થાય છે.

નિમ્ન લિખિત બે સિદ્ધાંતો અંતઃકરણમાં સુવર્ણાક્ષરે અંકિત કરો:—

૧—દરેક પ્રકારનો પણ પ્રેમ આકર્ષણવડે જ પ્રાપ્ત કરી શકાય છે.

૨—દરેક પ્રકારનો પણ પ્રેમ અનાકર્ષક તત્ત્વવડે જ ગુમાવાય છે.

ખાસ સ્મૃતિમાં કોતરી રાખવા યોગ્ય નીચેની બે બાબતો છે.

૧—આત્મિય આકર્ષણ વિના કોઈ પણ પ્રકારનો પ્રેમ પ્રાપ્ત કરી શકાય જ નહિ.

૨—આત્મિય આકર્ષણનું અસ્તિત્વ હોય ત્યાં લગી કોઇ પણ પ્રકારનો પ્રેમ ગુમાવી શકાય જ નહિ.

આ ઉપરથી એ તો સ્પષ્ટ સમજાય છે કે—જેને પ્રેમ પ્રકટ—પ્રાપ્ત કરી નિભાવવા પર-માતુર જીજ્ઞાસા હોય તેણે નિરંતર અયસ્કાન્ત લોહચુમ્બકવત્ આત્મિય આકર્ષણ સ્વરૂપે જ સ્થિત થવું જોઇએ જ.

અયસ્કાન્ત સ્વરૂપ શી રીતે થઇ શકાય?

જવાબ:—બાહ્યની કોઇ પણ વસ્તુ, દેશ, કાળ કે ક્રિયાથી નહિ જ.

કોઇ વખતે કોઇ પ્રકારનો જાદુઇ મંત્ર કે મોહક નીચે સ્વમાનની જાહેર ખબર વાંચવામાં આવે છે, અને કોઇ વેળા તો એવા જાદુઇ મંત્રાદિથી કોઇ તો કહે છે કે—" અમે ચોક્કસ પ્રકારનો પ્રેમ કે કોઇ પણ ચોક્કસ ઇચ્છીત વસ્તુ એ જાદુઇ મંત્રાદિવડે મેળવી." આવી બાબતમાં જો સત્ય શોધવા ઉંડા ઉતરી તપાસ કરીએ તો ઝટ માલુમ પડશે કે—ચો-

કશા ઇચ્છિત વસ્તુ મેળવવાના નિશ્ચયવડે અંતઃકરણમાં આકર્ષણકારક વૃત્તિઓની લહરિઓ ઉત્પન્ન થાય છે; અને તે આકર્ષક લહરિઓ જ ખરી રીતે તો ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિના કારણમાં મહાન હેતુરૂપ હોય છે. સામાન્ય લોકોમાં જે ચલણી શ્રદ્ધા હોય છે તેનું વધુ નિશ્ચિત અને જીવંત શ્રદ્ધાવડે જ સંતોષકારક ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિરૂપ પરિણામ લાવનાર ચમત્કારીક ક્રિયાજ થઇ શકે છે.

કેટલાક લોકો એમ ધારે છે કે—પોતાની ઉત્તમ વગસગ, દોલતનો ભભકો અને પ્રશંસાના ઢોલ વગાડી બતાવવાથી અન્યનો પ્યાર મેળવી શકાય છે. ના! એમ થતું જ નથી. આ બધાં અનંત બાહ્ય સાધનો માત્ર પાંપળાં—નજીવાં છે.

માત્ર આત્મિય આકર્ષણકારક શક્તિ પ્રેમ

પ્રકટાવી-ઉતી નીભાવી શકે છે; અને હસ્ત-પદાદિ ઇંદ્રિયો જેમ શરીરના ભાગ છે તેમજ આકર્ષક શક્તિ એ પણ આત્મિય તત્વ જ છે જ.

ઉપર્યુક્ત નિવેદન કર્યા પ્રમાણે આત્મિય આકર્ષક શક્તિ એ મહાન અસરકારક, મદદ, સામર્થ્યવાન, અને અતિશય સુક્ષ્મ એવું જીવન-આત્મ તત્વ છે. હવે " પ્રેમ " એ શું છે ! તે તપાસીએ. " પ્રેમ " એ માત્ર જીવન-આત્માનું મહાન અસરકારક મદદ શક્તિવાન અને અતિવ સુક્ષ્મ અન્ય સ્વરૂપ જ છે.

" જેવું તેવાંને ખેંચે છે " એ મહાન અચળ નિયમ છે જ; અને એ જ નિયમને આધારે આત્મિય આકર્ષક શક્તિ પ્રેમને પોતાના તરફ પ્રકટાવી-ઉતી નીભાવી શકે છે જ.

અયસ્કાન્ત બનવા ઇચ્છનાર ભાવી પુરૂષ

માટે આટલું તો અત્યાવશ્યક છે જ કે—તેણે પ્રથમ તો નિસ્વાર્થી, અત્યંત દયાળુ અને સર્વ પ્રત્યે હિતકર થવું અને એમ થવામાં જે પૂર્ણતા પ્રાપ્ત કરે તે જ ખરો અયસ્કાન્ત થઇ શકે.

એક વસ્તુજ્ઞાની પુરૂષ કહે છે કે:—"કોઇ માણસ જો પોતા માટે તદ્દન એકાંતવાસ શોધી કાઢે અને ત્યાં જો સ્થિરાસને બેસે તો અઠવાડીક વારમાં જ પોતાની પાસે અનેકને ઉ-ભેલા દેખે જ."

રામ, કૃષ્ણ, વિશ્વામિત્ર, નારદાદિ અનંત મહાન પુરૂષો સર્વોત્તમ આત્મિય આકર્ષણ સંપન્ન, વિશ્વમાં જેના જોટા ન જડે એવા મહાત્માઓ જ હતા. આ મહાત્માઓ સર્વો-ત્કૃષ્ટ મહાન પ્રેમના સામર્થ્ય સિંધુ હતા. વિરત્વના ભંડાર હતા; અને એવા તો પોતાના પરમ કેન્દ્રમાં સુસ્થિર હતા કે—કોઇ

પણ વ્યક્તિ કે કોઇ પણ પ્રકારની પરિસ્થીતિ તેમને નૈરાશ્યના ખાડામાં નાંખી શકતી જ નહિ. અર્થાત કોઇ પણ રીતે તેઓ અનાકંકત્વ પામી શકતા જ નહિ કે અવ્યવસ્થિત થતા જ નહિ. દ્રાક્ષના મંડપની પેઠે વળગી રહેવાની રીતિ, સ્થીતિ જો કે થોડો વખત મોહક જણાય; પરંતુ એ રીતિ, સ્થીતિથી ઉત્પન્ન થનાર મોહ કે જે અતિ લાંબો વખત કદિ પણ ટકતો જ નથી તે મોહ ઝાકળની પેઠે ઉડી જવાથી આકર્ષક શક્તિનાં સૂચક ચિહ્નો તે મોહની સાથે જ નષ્ટ થઇ જાય છે; અને લતાની પેઠે વળગનાર કોઇના પણ દૃષ્ટિપાતનો લેશ પણ વિષય થયા વગર જ નીચી ડોક કરી પડયો રહે છે જ.

એક યુવતિ કે જેનો પ્રેમ શોધનારાઓની મંડળી "ઘુંટારા પ્રિયતમો"ના નામથી ઓળખાતી તે યુવતિએ એક વખત કહ્યું કે:—

"અહો ! આ કેવી અજાયબી છે કે-જ્યારે હું મિત્રો માટે અત્યંત તૃષાતુરતાવડે તરફડતી હતી ત્યારે મને બહુ જ થોડા મિત્રો મળતા, અને તે ઘણા જ થોડા મિત્રો કે જેનાપર હું પ્રેમ કરતી તેઓ તો મારો ત્યાગ કરી ભાગી ગયા. અરે ! કેટલીક વખત તો હું પ્રેમ અર્થે ભીખ માગતી અને કદિ કદિ તો હું તદન નિરાશ થઈ મરણીયા જેવી હાલતમાં પરમ હડામહથી યાચના કરતી. મારા મિત્રની જરા પણ મંદતા જોઉં તો હું રોતી, કળકળતી, રાત્રિના કલાકો અત્યંત દુઃખપ્રદ કંટાળા ભરેલ સ્થીતિમાં વ્યતિત કરતી; અને મારો આશક જો જરા પણ બેદરકાર દેખાય તો દુઃખ દરિયામાં ડુબી જતી; અને આ બધું કરવામાં જે પ્રેમ મને બદલારૂપે મળતો તેમાં પણ સેંકડે નવાણું ટકા જેટલો વખત તો હું કલેશમય-દુઃખમય જીવન ગાળતી. અંતે મેં

નિશ્ચય કર્યો કે-હવે તો નક્કી હું મારું સ્વમાન અને સ્વયંસિદ્ધાંત જાળવીશજ. કે જે સ્વમાન અને સ્વયંસિદ્ધાંતને પ્રેમ શોધી નિભાવવાના ગાંડાઇના ચાળા કરતાં મેં ગુમાવેલ છે. લોકોનો લાગણીપુર્વક માયાળુતાથી સત્કાર કરીશ, પણ તેઓ મારાપર પ્રેમ કરે કે ન કરે તેની જરા પણ દરકાર રાખીશ નહિ જ. મારું મન ભંગ કર્યા વગર જેઓ મારામાં પોતાનું આત્માર્પણ ન કરે તેઓ વગર જ હું પોતે પોતાથી જ સુખી, આનંદી થઇશ જ; એમ મેં સુદૃઢ નિશ્ચય કર્યો અને ઇચ્છાશક્તિના અચિંત્ય સામર્થ્યવડે મેં મનઃશાંતિ અને હૃદયાનંદ મેળવ્યો જ છે. એકાંત નિવૃત્તિના સમયમાં હું વાંચતી, વિચારતી, હસતી, ગાતી, બની શકતી મોજમજાહ ઉડાવતી અને એ બધું કરતાં પણ મારા આનંદ અર્થે તો હું મારા આત્મા પ્રત્યેજ નિરંતર લક્ષ્ય રાખતી. આ પ્રકારનો

મારા ચારિત્રમાં જે ફેરફાર મેં કર્યો તેના પવિત્ર પ્રતાપે હવે જરા જુઓ તો ખરા! જે પ્રેમના બોધથી હું અનંત આશ્ચર્ય સિંધુમાં નિમગ્ન થાઉં છું તે પ્રેમ હું મેળવી શકી છું. હું સદાય તન, મન, પોશાકમાં સાદીજ રહું છું. મંડળીની રીતભાતોથી તદ્દન અજ્ઞાત છું; છતાં પણ પ્રેમ અને પ્રશંસાનો મારાપર વરસાદ વરસે છે. અહા! આશ્ચર્ય તે શું? મને કશું પણ સમજાતું જ નથી."

આ બાઇ જો જરા વિચાર કરી સમજે તો તેને ઝટ સમજાય કે—તેના મનના વિચિત્ર તુરંગો તેને સમજવા જેવા છે. પ્રેમની પ્રાર્થના–ભિક્ષા, નિરાશામય યાચના અને તેને માટે રાત્રીઓ ઉજાગરા તથા ક્લેશાદિના સમુહોના સખ્ત નિરંતર સપાટાથી તેણી ખરેખર આકર્ષકશક્તિ ચલિત થઇ જતી હતી; અને તેથી જે પ્રેમ અર્થે તે પરમાતુર

હતી તે પ્રેમ પ્રામ ફરી નિભાવવા તદ્દન અશક્ત બની હતી જ.

મેઘ ગર્જીત ગંભીર નાદે આ સત્ય સુવિખ્યાત થવા દો કે:–" તમામ પ્રકારના શારીરિક, વાચિક, માનસિક વિકારોવડે આત્મિય આકર્ષક શક્તિનો સંહાર થાય છે." દૂર ખસી–સરકી જનારાં પોતાનાં પ્રિયને જે પ્રિયા, માશુક, આશક, મિત્ર કે માતા, પુત્રાદિ રૂપેછે, શોચ, યાચના, અશ્રુપાતાદિવડે પોતાના તરફ આકર્ષવા મથે છે. એજ મહાન અનર્થકારક ભુલ છે. કારણ કે એ બધી અયોગ્ય ક્રિયાઓજ, પોતાનાં પ્રિય પ્રતિની સ્નેહ સાંકળ નબળી પાડી, તોડી, છટકાવી દેનાર રાક્ષસી શક્તિઓજ છે.

હમેશાં સર્વત્ર માનસિક વૈકારિક તરંગો આકર્ષણનો વિનાશજ કરે છે. ઉપર્યુક્ત

જાઈએ જ્યારે મનઃશાંતિ અને હૃદયાનંદ મેળવ્યો ત્યારેજ તેના કહેવા પ્રમાણે તે વાંચતાં, ગાતાં, હસતાં, સુખપુર્વક રહેતાં, પ્રેમ પ્રાપ્ત કરી અખંડ નિભાવી શકી. વાંચન, ગાયનાદિ પણ મનઃશાંત્યાદિ પછીનાંજ સાધનો છે. જે જે માણુસો પ્રેમ પ્રાપ્ત કરી નિભાવવા પ્રયત્નશીલ થાય તેણે પ્રથમ મનઃશાંતિ અને હૃદયાનંદ અવશ્ય પ્રાપ્ત કરવોજ જોઇએ; એજ રીત મહાન છે.

પતિ, પત્નિ, માતા, પિતા, પુત્ર, પુત્રી, આશક, માશુક, અને મિત્રો વચ્ચે અરસપરસની અદેખાઈ એ આકર્ષક સંહારક કહ્યા શત્રુરૂપ છે; અને તેથી જ અદેખાઇ—ઇર્ષા, મત્સર એ પ્રેમનો જીવલેણ દુસ્મન જ છે. અદેખાઇથી મનમાં નીચ તિરસ્કાર સ્વરૂપ વિચારો ઉત્પન્ન થાય છે, કુસંપ ઉપજે છે, પ્રીતિ ટળી અપ્રીતિ થાય છે, શરીરમાં રોગ

નષે છે. આ સર્વ સૂતેલા સર્પરૂપ છે. તેને જગાડનાર અને તેની સાથે રમનાર ભયંકર જોખમમાં આવી પડે છે, અને અંતે મરણ શરણ થાય છે. માન, શ્રદ્ધા અને વિશ્વાસ. એ ત્રણ પ્રેમના મહાન દુર્ગમ કિલ્લા છે; પરંતુ અદેખાઇ એ ત્રણેને જમીન દોસ્ત–ધૂળ ભેગા કરી દેય છે, અને એ મહાન કિલ્લાઓને સ્થળે ક્રોધ, પશ્ચાતાપ અને અધીરતારૂપ અરણ્ય કરી મુકે છે.

જો કદિ કોઇ વ્યક્તિ તરફ અદેખાઇ આવી જાય તો એકાંતમાં બેસી મનમાં ધારણા કરવી કે:—" અરે ! અદેખાઇરૂપ અધમતા કરવા હું અશક્ત–અયોગ્ય જ છું. અદેખાઇનો હું એકદમ સમુળ હક્કપુર્વક સંહાર કરૂં છું." આવી રીતે વારંવાર ધારણા કરવી. તે પછી જે વ્યક્તિ તરફ અદેખાઇ આવી હોય તેને સંપુર્ણ વિશ્વાસપુર્વક જણાવી દેવું કે:—" ભાઇ !

હું તારામાં મન, વાણી અને ક્રિયાસહ શ્રદ્ધાવંત છું" એમ કહીને તેના તરફ દષ્ટિપાત, વાણી, અને ક્રિયા પણ એવી જ કરવી. પોતાના પ્રેમી તરફથી નિર્મિત થયેલ ધોરણને અનુસરે નહિ એવા તો ઘણા જ થોડા માણસો હોય છે. "શ્રદ્ધા રાખો એટલે તમે પણ શ્રદ્ધાળુ અને શ્રદ્ધાના સુયોગ્ય પાત્ર થશો." અશ્રદ્ધા રાખો તો તમે પણ અશ્રદ્ધાળુ અને અશ્રદ્ધાના પાત્ર થવાના જ.

એક પત્ની કે જેના પતિએ બેઇમાનપણાના નિર્લજ્જ ચિહ્નો પ્રગટ કરી-પ્રકટ કરી તેણીનો ત્યાગ કરેલ. તે પત્નીની વ્હાલી બ્હેનપણીએ તેને એક વખત પ્રશ્ન કર્યો કે:-બ્હેન! તારા પતિને તું કેવી રીતે ફરી પ્રામ કરી સુધારી શકી? તે સુલક્ષણા પત્નીએ પ્રત્યુત્તરમાં જ જણાવ્યું કે: વિનયવડે મારા પતિને સ્વગૃહે લાવી હું તેને માન આપવા માંડી. અત્યંત

સ્વરૂપ સમજીને તેનામાં શ્રદ્ધા ચોંટાડી. તેનાં પુર્વ આચરણો વિસારી મુક્યાં; અને વારંવાર મારા પતિને તેમ જ મારા મનને આત્મોપુર્વક દૃઢ સમજાવી દીધું—અનુભવપુર્વક જણાવી આપ્યું કે—હું આ પતિમાં સંપુર્ણ અખંડશ્રદ્ધા અને વિશ્વાસ રાખું છું. મેં એકાંતે બેસી મારા અંતઃકરણમાં જ એ પતિના પ્રેમ અને વફાદારી માટે લક્ષપુર્વક ધારણા કરી: અને માનસિક ધારણામાં જ ઘણી વખત તો અને પ્રત્યક્ષ પણ પતિદેવને કહી બતાવ્યું કે—કોઇ પણ રીતે આપણા પરસ્પરનો પ્રેમ ઘટી કે તુટી શકવાનો જ નથી.

ગમે તેવાં નજીકનાં અને પ્રિય સંગી વચ્ચે પણ શારીરીક, માનસિક, આધ્યાત્મિક લગ્નનો અત્યંત વિનાશ એ પણ આકર્ષણ સંહારક સબળ સાધન છે. "મારામાં જે આંતર્ગિ સિરાજે છે, તેની હજુરમાં માત્ર જીવ-ઇશ્વ

શિવાય અન્યને પ્રવેશ કરવા ખાસ પવિત્ર કૃપા રૂપ પણ હક્ક નથી જ" એવી જે લગભગ સકળ જન સમાજની સમજ છે, તેનો વિનાશ કદિ પણ થવો જ ન જોઇએ. કોઇનું કોઇમાં માત્ર વ્યક્તિગત શારીરિક કે માનસિક સ્વાર્પણ થાય એ પણ એક એવી ભયંકર ભુલ છે કે- જેથી સ્વમાન, અન્ય તરફનું માન, સત્તા અને પ્રેમનો તુરત જ વિનાશ થાય છે.

અપવિત્ર વિચારો અને ક્રિયાઓમાં નિરંતર સ્વાભાવિક રીતે રચ્યાપચ્યા રહેતાં પણ આકર્પણ પ્રાપ્ત કરી શકાશે જ એવી આકાશ કુસુમરૂપ ફોકટ આશા કોઇએ સ્વપ્ને પણ રાખવી જ નહિ.

ઇંદ્રધનુષ દર્શન થવામાં સુર્ય કિરણો જેમ મુળ હેતુરૂપ, તેમજ આત્મિય આકર્ષક શક્તિમાં ખાસ હેતુરૂપ આત્મિય નિર્મળતા, અંતઃકરણનો ઉત્સાહ, સ્વરનું માધુર્ય, શાંતિ, અને

આનંદ છે. એ સર્વનો અપવિત્ર વિચાર અને ક્રિયાથી રક્ત પ્રવાહની ગતિમાં પણ વૈકારિક ફેર ફાર થાય છે. શારીરિક ક્રિયા કરનાર, શક્તિ અને સાધનોથી અવ્યવસ્થિત થઈ જાય છે; તેમજ તન, મન, સંપત્તિનો પણ સંહાર થાય છે. મનપટપર પૂર્ણ કનક લીપીથી કોતરી રાખવા યોગ્ય સત્ય હકીકત તો એ જ છે કે—જો કે પ્રેમ એ સર્વનો જન્મ સિદ્ધ હક છે; અને જન્મ સિદ્ધ હકપુર્વક સર્વ એ પ્રેમ ઇચ્છવાને હકદાર જ છે; અને તેથી જ એ પ્રેમ પ્રાપ્ત કરવા અર્થે સકળ માનસિક શક્તિ અને યુક્તિઓ એકત્રિત કરવાં જ જોઇએ; પરંતુ જે પ્રેમમાં સ્વમાન જાળવી—મેળવી ન શકાય એવો પ્રેમ પ્રાપ્ત કરવામાં અને તે પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરવામાં મહાન સ્વમાન ભંગરૂપ નુકશાન અને અત્યંત ભય સદાય રહેલ છેજ. વિશ્વનાં તમામ ઇતિહાસને તપાસીએ તો

ખુલ્લું દેખાય છે જ કે—અન્યાયોપાર્જીત પ્રેમ-વડે પરિણામે ભયંકર દુઃખદ સ્થીતિ જ પ્રાપ્ત થાય છે. આમ થવાનું કારણ પણ સ્પષ્ટ જ છે. નીચ વિચારોવડે ઉત્પન્ન થઇ પ્રસરેલ અધમ પ્રભા પોતાના તરફ વધુ અધમ પ્રભાને આકર્ષી લાવે છે; તથા સર્વ પવિત્રતા, વિચાર અને હેતુની નિર્મળતા, સત્યતા, જે વિશુદ્ધાત્માના પણ જીવનરૂપ છે—જે આત્મા પોતે જ આકર્ષણનું પરમ પવિત્ર કેન્દ્ર છે તે આત્મા છળ, કપટ, સ્વાર્થપરાયણતા, અને અપવિત્રતાવડે મુંગળાઇ, મુંઝાઇ અધમતાને પામી મૃતપ્રાયઃ થઇ જાય છે. સત્ય સિદ્ધ હક્કપુર્વક જે પોતાનું હોય નહિ તે કદાચ મેળવાય; પરંતુ તે કદાપિ પણ માન, શાંતિ અને સુખપુર્વક જાળવી—નીભાવી શકાતું નથી જ કે સુખે તેનો ઉપભોગ પણ લઇ શકાતો નથી જ.

લેખકના જોવા જાણવા પ્રમાણે ઉત્તમ

તન્દુરસ્તિ પણ આકર્ષણ ઉત્પન્ન કરનાર શ્રેષ્ટ સાધન છે. આકર્ષણ એ જ જીવનરૂપ આત્મા છે; અને તે ચૈતન્યમય તથા જીવંત પ્રેમનું આકર્ષણ કરે છે.

હૃદય, મગજ, ફેફસાં અને શરીરના અનેક અવયવો તથા તંતુ આદિમાં પુર્ણ આરોગ્યતાવાળો પુરૂષ પ્રેમ મેળવવા સરલતાથી શક્તિવાન થઈ શકે છે. આકર્ષણપર સ્વામિત્વ સ્થાપિત કરેલ જાહેર પુરૂષો લગભગ સઘળા જ શારીરિક, માનસિક, અત્યંત આરોગ્ય અને હોંશીયારીવાળા હતા જ. થોડા ઘણો રોગી અને થોડા ઘણો તન્દુરસ્ત માણસ બહુ જ ઓછો આકર્ષણ રળવા સશક્ત થાય છે. સંપુર્ણ સ્વરૂપ આત્મા કે—જેની ચૈતન્યમય આકૃતિરૂપ પ્રેમ છે, તે આત્મા માત્ર આત્માને જ આકર્ષે છે. આત્મા આત્માને જ જુએ છે, અસર કરે છે, અને ખેંચે છે. જો કે ફરજ—

મિત્રતા, ભુતદયા, પરોપકાર બુદ્ધિ, એ બધાં-ઓથી અતિ માંદાઓની માવજત કરાય છે; પરંતુ જ્યાં સુધી માંદાના લડખડતા, લડથડતા અવયવો અને સ્નાયુમાં સારવાર કરનાર પોતાની આત્મિય આકર્ષણ શક્તિરૂપ ચૈતન્ય પ્રેમથી પ્રવાહિત ન કરે, ત્યાં સુધી જીવંત પ્રેમ રોગીને પ્રાપ્ત થાય જ નહિ. કે જે દીર્ઘ કાળના રોગીના સકળ અવયવો અનાકર્ષક થઇ મૃતપ્રાય: થતા જાય છે એવા રોગીને તો જીવન પ્રેમ જ અર્પી શકે.

માનસિક, વૈહારિક વિચિત્ર તરંગોના ઘોડા પર ન ચડવાનું આથી એ પણ એક નવિન સુચન થાય છે કે—એમ થવાથી જીવન સંહાર-વિનાશ પામે છે.

ગમે તેવા શત્રુ કે મિત્ર કે ઉદાસી તરફ જોવાની જરૂર પડે ત્યારે તેના નેત્ર સામે જ

દૃષ્ટિ કરી જુઓ. પુર્ણ સીધી સરળ દૃષ્ટિનો પાત એ મહાન આકર્ષક કટાક્ષ છે.

આ વિશ્વ માત્રના કર્તા સર્વેશ્વરરૂપ પ્રભુ કે—જે પોતાની મહાન શક્તિવડે આપણા અંતર્યામી છે, અને અનંત બ્રહ્માંડોને નિજ સામર્થ્યવડે ઉત્પન્ન કરી ટકાવી રહેલ છે, તે પરમાત્મામાં સુદૃઢ, અવિચળ શ્રદ્ધાવંત થાઓ. આ જીવંત શ્રદ્ધાવડે અંતઃકરણ પ્રશાંત થશે. પ્રભુ કલ્યાણમય હોવાથી કલ્યાણ જ કરશે. એવી પવિત્ર આશા અંકુરિત થશે અને નિત્ય અખંડાનંદી થવાશે. જે ત્રણે તત્ત્વો સર્વોત્તમ આકર્ષણ કરનાર, વધારનાર અને ટકાવનાર છે.

સારાંશ અને અભ્યાસક્રમ.

સારાંશ—વિશ્વ માત્ર પ્રેમને હકપુર્વક ઇચ્છે છે જ. પોતે પોતાના જ આત્માને આકર્ષક કે અનાકર્ષક કરે તે પ્રમાણે પરિણામે પ્રેમ મેળવી —ખીલાવી શકાય છે; અગર તો ઘટાડી વિનાશ

કરી શકાય છે. મનની સર્વ વિકારી ક્રોધાદિ ભરિત હાલતો અને શારીરિક અયોગ્ય ક્રિયાઓથી અનાકર્ષકત્વ મળે છે. તન, મનની પ્રશાંતિ ખાસ રીતે આત્મિય આકર્ષણ શક્તિ પ્રાપ્ત કરવામાં અતિશય અગત્યની છે.

અભ્યાસક્રમઃ—હમેશાં તદ્દન એકાંતમાં અને શાંત સ્વસ્થ બેસવું. જો કે અરધો કલાક તો જરૂર બેસવું જ. વધુ વખત બેસાય તો અત્યુત્તમ. અંતરમાં જે કાંઇ બાબતની અત્યંત ઇચ્છા—જીજ્ઞાસા હોય તેનાપર સકળ મનોવૃત્તિને એકત્રિત કરી પ્રવાહિત કરવી જ. આટલું કર્યા પછી પૂર્ણ દ્દઢતાપુર્વક અંતરાત્માના પરમ ઉંડાણમાંથી ધ્વનિત થતી નિશ્ચયરૂપ ધારણા કરો કેઃ—" હું અપ્રતિહત સામર્થ્યવાન આકર્ષણ સ્વરૂપ આત્મા છું. જે આત્મા પોતાનાં સકળ ઇચ્છિતને પોતા તરફ સ્વેચ્છાપુર્વક સહજ આકર્ષે છે જ. હું શારીરિક, માનસિક, પ્રશાંતિ-

મય છું જ. હૃદય, મન આદિ પરમ નિર્મળ છે જ. મન, વાણી, ક્રિયા મારાં અત્યંત પવિત્ર જ છે. તન, મન, વિશુદ્ધ જ છે. આત્મા, અંતઃકરણ અને મારૂં શરીર સકળ દૈવી સંપત્તિ ક્રમપુર્વક આકર્ષી શકવા સુયોગ્ય અને સશક્ત છે જ. હું અમુક ચોક્કસ બાબત આમ જ કરવા-કરાવવા ઇચ્છું છું; અને આત અલ્પ સમયમાં એ હું સ્વાનુભવ સિદ્ધ કરી તેનો સાક્ષાત્કાર કરીશ જ."

૬—અયસ્કાન્ત સ્વરૂપે કેમ સ્થિત થવું ?

નવીન અયસ્કાન્ત સ્વરૂપ—નવજ્ઞ આત્મા કે જેનાથી સર્વ પ્રાપ્ત કરી શકાય છે તે પ્રાપ્ત કરી કેમ નીભાવી શકાય ?

પ્રત્યુત્તર માત્ર એ જ કે—આપણા નાનકડા અંતઃકરણમાં—જે અંતઃકરણ જીવનનું પરમ સ્થાન છે તેમાં જરા પણ શુન્યતા કે જડપણાંને પ્રવેશ નહિ પામવા દેવાથી જ.

એક તૃષાતુર માણુસ પોતાના પ્રથમના ઓળખીતાને ત્યાં પાણી પીવા અર્થે જઇ પુગી કહેવા લાગ્યો કે:—" અહો ! તમે કેવું સુંદર પાણી રાખો છો ! તમારૂં પાણી અત્યંત નિર્મળ, ઠંડું અને મધુરતાવાળું તથા તૃષાશામક સંતોષ અર્પનાર છે. ગામમાં સંભળાય છે

કે—દૂર દૂરના લોકો પણ ઘણે છેટેથી તમારૂં પાણી પીવા માટે તમારે ત્યાં આવે છે, તે પાણીનો કુવો તે આ જ કુવો કે ? કે જે કુવામાંથી વરસમાં માત્ર તમને થોડા જ મહિના પાણી મળી શકતું ? અને પછી તો તદન બગડી જતું તે આજ કુવો કે ?”

તે ઓળખીતાએ પ્રત્યુત્તરમાં જણાવ્યું કેઃ— “હાલના વર્તમાન કુવાનું પ્રાથમિક સ્વરૂપ તમે કહો છો તેવુંજ હતું; પરંતુ તે જુનવાણી કૂપના પાણી આવવાની સર્વ સરવાણીઓમાં પાંદડાં અને કચરો—માટી વિગેરે ભરાઇ ગયેલ જેથી નિર્મળ પાણી આવી શકતું નહિ, અને જે કાંઇ થોડું ઘણું આવતું તે પાણી ઘણે ભાગે બંધ જ હોવાથી ગંદુ અને ગંધાતું રહેતું. તે પછી એ સઘળી ખરાબી મેં સાફ કરી કાઢી નાંખી અને સરવાણીઓના માર્ગ ખુલ્લા કર્યા; ત્યારપછી અત્યાર પર્યંત જે પાણી આવે છે તે તદન

નિર્મળ, શીતળ અને માધુર્યતાવાળું જ તમે કહો છો તેવું જ આવે છે."

આ વિશ્વમાં અનેક લોક સમૂહનાં જીવન એ જીર્ણ કુવાનાં જેવાં હોય છે. જે જીવનરૂપ કૂપની સરવાણીઓ, જીર્ણ અપૂર્ણ દંતકથાઓ, વગર સમજણની રીત રીવાજરૂપ રૂઢીઓ, માની લીધેલ માન્યતાઓ તથા વ્હોરાજીના નાળાં જેવાં જકડી પકડેલ ખ્યાલોરૂપ માટી-ખડ-પાંદડાંદિવડે ભરાઇ જવાથી શ્રેષ્ટ આકર્ષણ સ્વરૂપ, સંતોષકારક, તાજું, નિર્મળ જળ તેમાંથી આવતું અટકી પડે છે. કૂપમાંથી જ્યારે ખરાબ કચરો, ગાળ વિગેરે કાઢી સાફ કરવામાં આવ્યો અને સરવાણીઓ જ્યારે ગાળથી રહિત થઇ ત્યારે જ તેમાંથી નિર્મળ જળ પ્રાપ્ત થઇ શક્યું. જે પરમ આકર્ષક શીતળ જળના પ્રભાવે જ કૂપ અયસ્કાન્ત સ્વરૂપ બની નિરંતર લોકોને પોતાની તરફ આકર્ષણ કરતો.

આપણા જીવનરૂપી ઝરામાંથી પણ બધા-
ંએલ ગાળ, પાંદડાં, કચરારૂપ, કામ, ક્રોધ, લોભ,
મોહ, મદ, મત્સર, અભિમાન, ખીજાળ—ચી-
ડીયાપણું, નકામી કલ્પનાઓ અને ક્રિયાઓ,
તન—મનની નાદુરસ્તિ, અપ્રમાણિકતા, ઢીલા-
પોચાપણું, અને વિઘ્નરૂપ પાળા પાડનાર
અને ઢુઆ મારી દેનાર અનેક પલીતાઈ,
જેનાવડે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર—અંતઃક-
રણાદિ નિત્ય છંદાઇ રહેલ છે તે બધાં પાપ
અત્યંત પતી જાય, સમૂળાં ટળી જાય, મનાદિ
સરવાણીઓ ચોખ્ખી થાય અને ખુલ્લી રીતે
જીવનમાં તે પરમ સત્યસ્વરૂપ મનોભાવનાઓ-
દૈવી સંપત્તિ જેને પરહિતની લાગણીરૂપ નિ-
મળ જળ વહન થવા દેવામાં સશક્ત થાય
(કે જળ પોતે જ પરમાર્થિક આત્મિય જીવન
રૂપ છે) ત્યારે જ અપરકાન્ત સ્વરૂપે સ્થિત
થવાય. તન, મનના કોઇ પણ વિભાગ જેવા

કે—મન, બુદ્ધિ, અંતઃકરણ, ઇંદ્રિયો, શરીર વિગેરેને કદી પણ અંશેજ રૂપ જડત્વ ન પ્રાપ્ત થવા દેવું; કારણ કે એવું જડત્વ, એવી શુન્યતા એનું જ નામ જીવતાં છતાં પણ મરણની જ અવસ્થા ગણાય. એ અવસ્થામાં આકર્ષણ શક્તિનો અત્યંત અભાવ જ હોય છે. આ બીના ખૂબ યાદ રાખવી કે—હેતુપુર્વકનું, ઉન્નતિકારક અને વીરત્વવાળું જીવનજ આકર્ષક હોય છે. માનસિક રત્વ કે નામર્દાઇરૂપ શિથિલતાથી જ શારીરિક વીરત્વ કે શાંતિલયો પ્રાપ્ત થાય છે.

ઘણા લોકો એવું બોલતાં સંભળાય છે કે:—"જુનવાની સત્ય નિશ્ચયો જ અમારા ભલા માટે પુરતા છે જ." અલબત્ત! હા! એમ જ છે. દરેકને એ વાત કબુલ જ છે; પરંતુ એ જુના—પુરાતન નિશ્ચયો જે પરમ સત્ય સ્વરૂપ જ છે તેને નવિન વર્તમાન રૂપમાં ખીલવી

વધારે અર્થ વિકાશક નૂતનરૂપ સુબુદ્ધિપૂર્વક સમજી-સમજાવી અનંત જન સમુદાય અને પોતાને પણ વર્તમાન કાળમાં પરમ હિતકર થાય એવા સહાયક બનાવવાની ખાસ અગત્ય છે જ. જુનવાણી રગશીયાં ગાડાં જે માર્ગે જતાં ગામે ગામ બદલાતાં જાય અને આડા ગાઉ રૂપિયે ગજ ચાલે તેને બદલે મુસાફરી કરનાર જો અગ્નિરથમાં પ્રવાસ કરવાની સુખ-પુર્વક સહેલ કરવા આનાકાની કરે તો કેટલી મુર્ખતા ગણાય? જુનાં પણ ખરાં; પરંતુ ન-વાંનાં નવિન લાભ તરફ શું દુર્લક્ષ્ય કરાય કે! ના જ. એ જ પ્રમાણે નવિન વિચારો, નૂતન સત્ય સિદ્ધાંતો, નવલ સુપ્રસંગો એ બધાં પુરાતનનાં નૂતન વિકસીત સ્વરૂપો જ છે. જુના બંધે જ પાણીવાળા ગંધાતા કુપ સાથે નવિન નિર્મળ જળવાળા ઉપર્યુક્ત કુવાનો જેમ સંબંધ છે; તેમજ જુનાં સત્યોનો નવિન સત્યો પરત્વે

અભંગ સબંધ છે. એ સત્ય નિશ્ચયોનું નિર્મળ આધુનિક સ્વરૂપ તે જ આધ્યાત્મિક જીવનરૂપ આકર્ષક સ્વત્વ છે.

અચળ સ્મૃતિમાં સુદૃઢ કરાવો કેઃ—"આત્મા કે જે પરમાકર્ષક શક્તિ કેન્દ્ર તે તે માનસિક સુદૃઢ પોતાદી ઇચ્છા શક્તિરૂપે જ પ્રવાહિત થાય છે."

એક ઘણી જ વૃદ્ધ બાઇ એક વખત કહેતી હતી કેઃ—"પહેલાંના વખતમાં અવિવાહિત પચીશ વર્ષની કોઇ પણ સ્ત્રી હોય તો તે તદ્દન નિરાધાર અને નૈરાશ્યયુક્ત વૃદ્ધા પોતાને ધારતી અને બીજાઓ પણ એને માટે એમ જ ધારતા; તથા કોઇ ચાળીશ વર્ષની સ્ત્રી હોય તો કોઈ પણ કઠિન કામ કરવા પોતે તદ્દન અશક્ત છે એમ જ માનતી અને અન્ય પણ એમ જ માનતા. કોઈ પણ નવિન કામની શરૂઆત તેઓ કરી શકે એ તો આકાશ જ ખ પુષ્પવત્ જ ગણાતી."

"પરંતુ વર્તમાન કાળમાં તો પચીશ વર્ષની ઉમરે હજુ સ્ત્રી માત્ર યુવતિ ગણાય છે; અને પચાશ વર્ષની ઉમરે હજુ ભાગ્યે જ પ્રૌઢા દેખાય છે અને મહાન વિચિત્રતારૂપ આશ્ચર્ય તો એ છે કે—હાલની ચાળીશ અને સાઠ વર્ષની ઉમરની સ્ત્રીઓ કરતાં પહેલાંના પચીશ અને ચાળીશ વર્ષની ઉમરની સ્ત્રીઓ ઘણી જ વૃદ્ધા દેખાતી અને કામ પણ હાલની એવી સ્ત્રીઓ કરતાં ઘણું જ ઓછું કરી શકતી."

ઉપર્યુક્ત બીનામાં તે ડોશીમાને જે વડે મહાન આશ્ચર્ય લાગ્યું તે હેતુનો ખુલાસો માનસ શાસ્ત્રજ્ઞાતા ઝટ સમજી—સમજાવી શકે છે. દંતકથાઓ અને પ્રચલિત રૂઢીએ ઉમરમાં નાની એવી બ્હેનોના મનમાં એવી શીથિલ માન્યતાઓ ઠસાવી દીધેલ કે:—"તેઓ તો હવે વૃદ્ધ જ થયાં." આવી સ્થીતિમાં તેઓએ પોતાની આંતરઃ સરવાણીઓ કે જેના મારફત

નવિન જીવન પ્રાપ્ત થાય તેને સાદ કરી ખુશી મુકવા અર્થે કશું પણ કર્યું જ નહિ; અને તેથી જ તદ્દન શીથિલ જડત્વભાવને પામી અનાકર્ષક થયાં.

આપણા પાશ્ચાત્ય બન્ધુઓ–યુવકો થોડા ગત કાળથી ઘણે ભાગે પ્રૌઢા પત્નીથી વિવાહિત કેમ થતા જાય છે ? જવાબ એ જ કે–આ સ્ત્રીઓ પોતે વૃદ્ધા છે એમ તો કદી પણ કલ્પના કરતી જ નથી નવિન કલ્પનાઓ તરફ કદિ પણ દુર્લક્ષ્ય કરતી જ નથી. નવિન સિદ્ધાંતો સંભળવા જરા પણ ડર ખાતી જ નથી. નવિન સાહસો ઉઠાવતાં જરા પણ અચકાતી જ નથી; અને નાની ઉમરની બ્હેનો ઉપયોગી એવા આનંદો માણતાં લેશ પણ પાછી હઠતી જ નથી; અને તેથી જ નવિન જીવનમય બની રહી પોતાનું આકર્ષકત્વ સંભાળી રાખી પ્રફુલ્લિત કરતી જાય છે.

જે સ્ત્રી પોતે જ વૃદ્ધા જ છે એમ માનતી હોય તેવી કોઈ પણ સ્ત્રી સાથે કોઈ પણ યુવકનાં સંસર્ગ થયાં હોય એમ જાણવામાં નથી જ.

વાંચન, મનન અને વાતચિતવડે બુદ્ધિને અત્યંત ચળકતી, નિર્મળ, ઉજ્જવળ, ઉન્નત જ રાખવી. હરેક પ્રકારની વયનાં પણ નિડર, આનંદી અને તન મન દુરસ્ત લોકોના જ સંગમાં રહેવું—આવવું. રમત—ગમત અને મંડળોમાં છુટથી ભાગ લેવો. નાણાંના ગરીબ કે મનના કંગાલ હોય તેવાને શોધી કાઢવા. "દઈએ છીએ તે જ રળીયે છીયે" એ સિદ્ધાંત સ્વાનુભવ સિદ્ધ કરતાં એવાઓને પેટની અને મનની ભુખ મટાડી સુખી, આનંદી, સંતોષી બનાવતાં સુખી, આનંદી, સંતોષી બનો.

નિત્ય એકાંતમાં બેસવાનો અને ધ્યાનનો અભ્યાસ કોઈ પણ રીતે પડતો મુકવો જ

નહિ; કારણ કે આવી એકાંતિક ધારણાવડે જ આંતરિક ઉત્તમ ભાવનાઓને ક્રિયામાં મુકવાનું શ્રેષ્ટ સામર્થ્ય પ્રાપ્ત થાય છે—એથી આકર્ષક બળ વધે છે.

નિમ્ન લીખિત સત્ય નિશ્ચિય અંતરાત્મામાં સુદ્દતાથી ધારણ કરવો જ કેઃ—" હું અર્થાત આત્મા પોતે જ એવા પ્રકારની પ્રભા પ્રકાશવા શકિતવાન છું કે—જેનાથી સકળ આત્મ ઇચ્છિત સહજ મેળવી—સાચવી શકાય; તો પછી મારૂં કર્તવ્ય એ જ છે—મારો જન્મસિદ્ધ હક્ક એ જ છે કે મારે પોતે મારા પોતાના આત્માને પવિત્ર હેતુપુર્વક સંપુર્ણ સર્વાકર્ષક કેન્દ્ર અર્થાત અયસ્કાન્ત સ્વરૂપે જ સિદ્ધ—સ્થિત કરવો જ."

સારાંશ અને અભ્યાસક્રમ.

સારાંશઃ—વિચારો, સિદ્ધાંતો, અને ક્રિયાઓની શીથિલતા—મંદતાવડે અનાકર્ષકત્વ વધેછે, આકર્ષત્વ હઠે છે.

નવિન વિચારો–સિદ્ધાંતો અને સુબુદ્ધિપુર્વક કરેલી ક્રિયાઓ તથા સુયોગ્ય યથાર્થ આનંદમાં નિમગ્નતા, આત્માનું અહર્નિશ ચિંતન અને નિત્ય એકાંતે બેસી ધારણા–ધ્યાન કરવાની ટેવ, તથા પોતાની આત્મિય પ્રભા પ્રકાશવાનું સામર્થ્ય પોતાનામાં જ છે. એ સત્યનો સ્વાનુભવ અને સર્વથી ફળિતાર્થરૂપ પોતાનાં સુઆગ્ય રચવાનું પોતાના જ હાથમાં છે. એ અનુભવ–એ સકળ મગી માનવને અપરકાન્ત-રૂપે સ્થિત કરે છે.

અભ્યાસક્રમ:—પરમાતુરતાથી એકાંત ધારણા કરો કે:–" મન, બુદ્ધિ, ચિત્ત, અંતઃકરણાદિની સરવાણીઓમાં ગાળરૂપે ભરાઈ રહેનાર મળથી રહિત થવા અને જેમાંથી નિરંતર અસ્ખલિતપણે જીવન તત્વ અને આત્મિય પ્રકાશરૂપ પ્રભા પ્રવાહિત થાય એવાં સકળ દ્વારો ખુલ્લાં રાખવા પૂર્ણ પસંદગીપુર્વક

મેં સુદૃઢ નિશ્ચય કરેલો જ છે."

પૂર્ણશ્રદ્ધા-વિશ્વાસથી દૃઢપુર્વક હું ચાહું છું જ કેઃ—"સર્વવ્યાપક, સકળ ચૈતન્યમય દૈવી જીવનરૂપ સચ્ચિદાનંદ પરમાત્મા, મારા સકળ વિચારો દ્વારા, વાણીદ્વારા, ક્રિયાઓદ્વારા, પોતાનો પ્રભાવ પ્રકાશી અને પૂર્ણ અપરકાન્ત સ્વરૂપ સ્વયંઆત્મભાવમાં સ્થિત કરશે જ—ટકાવશે જ અને અંતે નિજ સ્વરૂપમાં અભિન્નભાવ સમાવશે જ."

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ઇતિ સંપૂર્ણ.